સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

જુલાઈ - ૨૦૦૬

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના
આશીર્વાદ રુપ આજ્ઞા સહ રઘુવીર વાડી-વડતાલ ખાતે
યોજાયેલ ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૦૬



સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
તંત્રી : સાધુ દિવ્યસ્વરૂપદાસજી ❖ વર્ષ :- ૨, અંક :- ૨, તા. ૨૦-૭-૦૬

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ - વડતાલ

:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આપ જો 'ઈન્ટરનેટ' સુવિધાથી સુવિદિત હો તો
**આજે જ ક્લીક કરો...**
**www.chintansardhar.com**

આધુનિક યુગમાં 'ઈન્ટરનેટ'ની સુવિધાથી આપ ઘેર બેઠા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આશીર્વાત્મક આજ્ઞાથી સરધાર મંદિર દ્વારા પ્રકાશિત 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અંકના ઓનલાઈન ગ્રાહક તેમજ ઓનલાઈન અંકને માણી શકશો. અને સાથે સાથે ઓનલાઈન સરધાર મંદિર દ્વારા પ્રસ્તુત પ.પૂ. લાલજી મહારાજની અમૃતવાણી, પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા અન્ય ધુન-કીર્તનની VCD, MP3 & Audio Cassette અને ધાર્મિક પુસ્તકો તેમજ પૂજા-સામગ્રી આદિક સાહિત્ય હવે તમો ઘેર બેઠાં વસાવી શકશો.

:: લેખો અંગે પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

:: લવાજમના દર ::

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | : રૂા. ૮૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ ૧૩૦ U.S.A. |
| | : £ ૧૦૦ U.K. |

## :: અનુક્રમણિકા ::

૧ પ.પૂ. ધ.ધુ.૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના ૫૯માં પ્રાગટ્ય દિને કોટિ કોટિ વંદના.... - સાધુ અમૃતસ્વરૂપદાસ-સરધાર ૨
૨ દિગંતમાં પથરાયેલ સોળે ચિહ્‌ન યુક્ત ચરણારવિંદ અને તેનો મહિમા - સાધુ અમૃતસ્વરૂપદાસ-સરધાર ૭
૩ ભગવાનનાં સોળ ચરણચિહ્‌નો : મહિમાવર્ણન તથા ધ્યાનનું ફળ ૧૧
૪ ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરીતા... પા.રાજુ ભગત-સરધાર ૧૩
૫ ભગવાન શ્રીહરિનું સરધારમાં ચાતુર્માસ રોકાણ....સં.૧૮૬૧ સાધુ અમૃતસ્વરૂપદાસ-સરધાર ૧૬
૬ TILAK CHANDLO & KANTHI by : Satish Patel (Malataj), Somerset, New Jersey (U.S.A.) ૧૮
૭ આત્યંતિક કલ્યાણ...આજ્ઞા-ઉપાસના ચિંતન ૧૯
૮ ધર્મામૃત...સંત પંચવર્તમાન ચિંતન - સ્વામી આનંદસ્વરૂપદાસજી - સરધાર ૨૧
૯ ઓહ ! માય ગોડ યે સબ ક્યા હૈ...? - સાધુ યોગેશ્વરદાસ-વડતાલ (હાલ- સરધાર) ૨૩
૧૦ અષાઢ સુદ દેવશયની એકાદશી માહાત્મ્ય - સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય) સરધાર ૨૫
૧૦ સત્સંગ શબ્દજ્ઞાન મનોરંજન...બાલ-યુવા સત્સંગ ચિંતન પાર્ષદ રાજુ ભગત તથા મયુર ભગત - સરધાર ૨૬
૧૧ સત્સંગ સમાચાર પત્રિકા... ૨૭

:: લવાજમ અંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhar.org ◆ E-mail : amrutdhara2003@yahoo.com





### સર્વાવતારી, સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના આઠમાં વંશજ અને સિદ્ધાંતવાદી નીડર સમર્થ ધર્મકુળભૂષણ, ધર્મમાર્તંડ, ધર્મભાસ્કર સનાતન

# પ.પૂ. ધ.ધુ.૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના ૫૮માં પ્રાગટ્ય દિને કોટિ કોટિ વંદના....

જન્મ : સં. ૨૦૦૫, શ્રાવણ વદ - ૭ (શીતળા સાતમ)

- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)

ગોકુલ અષ્ટમીના પવિત્ર દિવસે વિક્રમ સંવત ૨૦૦૫ના રોજ શુભ મૂહુર્તમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના અપરસ્વરૂપ સમા અને મહાપ્રતાપી કુલગૌરવરૂપે પ્રગટેલા પ.પૂ. આચાર્યજી મહારાજના અસ્તિત્વથી સંપ્રદાયનો મહિમા નિરંતર વિસ્તર્યો છે. એ હક્કીતનો સ્વીકાર આજે તેમના ૫૯માં પ્રાગટ્ય દિને તેમના લાખો અનુયાયીઓના મન હૃદયે અપાર હેતની સરવાણી વહી રહી છે.

ઘોર કળિયુગમાં પણ તેમની અમીદૃષ્ટિ અને દિવ્ય છાયાથી સુરક્ષિત અને વિહરતી સંપ્રદાયની મેધાનું આજે કોઈ ગૌરવ ધારણ કરી રહ્યું છે. તેમના પ્રાગટ્ય સ્થાને અને દિવસે સંપ્રદાયના વૈભવી વડલા જેવા વડતાલ ગાદીના છઠ્ઠા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજનું સાક્ષાત ઉપસ્થિત હોવું એ એક અનોખો દિવ્ય સંયોગ જ હતો.

અયોધ્યામાં જ્યાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના ચૌલ સંસ્કાર કરવામાં આવ્યા હતા તે જ મખોડા ઘાટને તટે પ.પૂ. આચાર્યજી મહારાજના ચૌલ સંસ્કારવિધિ સં. ૨૦૧૦માં કરવામાં હતા. સં. ૨૦૧૯માં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ દ્વારા પ.પૂ. આચાર્યજી મહારાજને ગુરુમંત્ર અને ઉપનયન સંસ્કાર પ્રદાન કરવામાં આવ્યા હતા. આ પ્રભાવી બાળક દિવ્ય બ્રહ્મતેજ અને જ્ઞાનથી ઝળહળી ઉઠ્યા અને બાર વર્ષની નાની વયથી જ સત્સંગ કાજે ભાવના સમર્પણ કરવાની ઉત્કંઠા જાગી.




આ દરમ્યાન તેઓએ સૌરાષ્ટ્રના મહુવા ક્ષેત્રના ૧૭ દિવસનો પ્રવાસ ખેડી સંપ્રદાયની ઉન્નતિ અને સર્વાંગી પ્રભાવના વિસ્તાર કાજે મંગલાચરણ કર્યું. પ્રભાવશાળી બાલ્યાવસ્થા, તેજસ્વી કિશોરાવસ્થા અને લાલજી

મહારાજપદની ગરિમાને ચાર ચાંદ લગાવી સંપ્રદાયમાં એક શ્રદ્ધેય નેતૃત્વ પુરૂ પાડી સત્સંગના મહિમાને ગતિ શીલ બનાવ્યો છે. તેજોજ્જવલ પ્રભા અને દિવ્ય જ્ઞાનથી ઝળહળતુ તેમનું સ્વરૂપ સમગ્ર ધર્મના વડાઓના વર્તમાન અભ્યાસથી વધુ પ્રભાવી રહ્યું છે.




"બી.એ, એમ.એ અને એલ.એલ.બી" એમ સાંસારિક સાક્ષરતાના ઉંચા લક્ષ્યાંકો પ્રાપ્ત કરી, ક્ષેત્ર વ્યાપ્ત તમામ ભાષાઓ ઉપર ભારે પ્રભુત્વ અને લાલજી મહારાજના મોભાને છાજે એ રીતે ઘણી નાની વયથી જ સત્સંગીઓના જીવનમાં પ્રાણ ફુંકી તેમના જીવનને સંવારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.



વડતાલ સાર્ધ શતાબ્દી મહોત્સવ, શ્રી ગોલોકવિહારી મહારાજનો શતાબ્દી પાટોત્સવ, ગોંડલ મંદિરનો અર્ધ શતાબ્દી પાટોત્સવ, ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્યનો દ્વિશતાબ્દી મહોત્સવ જેવા સંપ્રદાય માટે યુગ પ્રભાવક ગૌરવરૂપ પ્રસંગોને લાલજી મહારાજના પદ પર રહી શોભાવ્યા અને માણ્યા.

સતત પ્રવૃત્તિ વચ્ચે પણ સેવાના મર્મને સાધંતા પચાવી ચૂકેલા પ.પૂ. આચાર્યજી મહારાજે પૂ. પરદાદા દ્વારા પ્રાપ્ત કરેલ તત્વજ્ઞાન અને ધાર્મક મહત્વને પિતાશ્રી પાસેથી અનુગૃહિત કરી, પિતૃસેવા અને માતૃસેવાનો ઉચ્ચ આદર્શ પુરો પાડ્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાને અનુસરી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજની અવિરત સેવા કરી, તેમજ પિતાશ્રીના મનને પણ પુલકિત નિર્મળ હૈયે સેવાભાવિ સંતાનરૂપે પરમસંતોષ પામે તેવા સમર્પિત ભાવે સેવારત રહ્યા તથા માતૃઋણ મુક્તિનો ધર્મ બજાવી તેઓની ઉત્તરક્રિયા શાસ્ત્રનાં સઘળા કર્મકાંડને અનુરૂપ સંપન્ન કરી, એક શ્રવણ જેવા સંતાન બની ૭૭ દિવસમાં પૂ. પિતાશ્રીના અસ્થિ વિસર્જન માટે ૫૭૯ ગામોનો પ્રવાસ કરી પિતૃઋણમાંથી જાણે મુક્તિ પ્રાપ્ત કરી. પૂ. પિતાશ્રીની સ્મૃતિ માટે વડતાલમાં સુવર્ણ ધ્વજ દંડનું નિર્માણ કરાવ્યું. આવા ઉદાત પિતૃ-માતૃ ભક્ત પ.પૂ. આચાર્યજી મહારાજનું સ્થાન મહાન ગૌરવવંતુ હોય તે અપેક્ષિત છે.





પ.પૂ. આચાર્યજી મહારાજ રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત, કાશીનરેશના કુલગુરુ તેમજ સંપૂર્ણાનંદ સંસ્કૃત વિદ્યાપીઠ કાશીના પૂર્વકુલપતિ તથા વિદેશોમાં અનેક પ્રસંગોએ ભારત સરકારના પ્રતિનિધિરૂપે સંસ્કૃત અધિવેશનમાં ઝળકી રહેલા વિદ્વાન સારસ્વત પૂ. બદ્રિનાથ શુકલની અદ્વિતિય કન્યા સાથે પ્રભુતાના પગલા માંડી સામાજીક બંધને સંસારયાત્રાના મેધાવી મહત્વને (૧) પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ, (૨) પૂ. રમાબા(લાલીરાજા), (૩) પૂ. ઉર્વશીબા (લાલીરાજા), (૪) પૂ. બાળલાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજના વાત્સલ્યપૂર્ણ પિતા તરીકે સંપ્રદાયના સત્સંગીઓના આદર્શ બની રહ્યા છે.



સં. ૨૦૪૦ વૈશાખ સુદ-૪ના શુભ દિવસે પ.પૂ. આચાર્યજી મહારાજને દક્ષિણ વિભાગ વડતાલ સંસ્થાનના ગાદિપતિ તરીકે શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે અને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા અનુસાર શ્રી સત્સંગિજીવન અને દેશવિભાગના લેખના આદેશ (વિદ્યમાન આચાર્યશ્રી જ અનુગામી આચાર્યશ્રી નિમણુંક કરી શકે) અનુસાર પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮




આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજે પદારૂઢ કર્યા. તેમના આચાર્યપદ ગ્રહણથી આજે ૨૧ વર્ષની તેમની મહાસમર્થ કામગીરીના લેખાંજોખાં તો જીવંત ઈતિહાસ બની ગયા છે. જે જગજાહેર અને હરિભક્તોઓ માટે તો પ્રેરણા પ્રસાદીરૂપે અંકિત છે. પ.પૂ. આચાર્યજી મહારાજના સમર્થ કાર્યકાળ દરમ્યાન વડતાલમાં સ્વામિનારાયણ સાર્ધ શતાબ્દી મહોત્સવ, વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠાનો શતામૃત મહોત્સવ, સુવર્ણ જયંતિ મહોત્સવ, સરધારમાં દ્વિશતાબ્દી આગમન મહા મહોત્સવ વગેરે ઉજવ્યા છે. અને તે પ્રસંગે વિવિધ ધર્મના સર્વોચ્ચ ધર્માચાર્યો પણ ઉપસ્થિત રહ્યા છે. વલ્લભાચાર્ય તૃતીય પીઠાધિશ્વર પ.પૂ. ગોસ્વામી ૧૦૮ વૃજેશકુમાર (કાંકરોલી)ના પ.પૂ. આચાર્યજી મહારાજને અર્પણ થયેલ પ્રશસ્તિપત્રનો પ્રસંગ પણ ખૂબ ધન્યતાપૂર્ણ લેખાયો હતો. પ.પૂ. આચાર્યજી મહારાજે પોતાની કર્તવ્યનિષ્ઠા અને સંપ્રદાયની ગરિમાને નિરંતર ઉજ્જવળ બનાવી છે. વળી સંપ્રદાયના આદર્શો તેમજ સિદ્ધાંતોને વળગી રહે તેવા મુમુક્ષો અને અનુયાયીઓને જ દિક્ષા આપવા તેમજ ગુરુમંત્ર આપવાનો આગ્રહ રાખ્યો છે. અને કપરા સમયમાં પણ પોતાના સિદ્ધાંતને વળગી રહી સંપ્રદાયના મહિમાને નુકશાન કરનાર તત્વોનો રોષ વહોરીને પણ તેઓશ્રીએ સંપ્રદાયના અધિષ્ઠાતા સંરક્ષક તરીકેના ગૌરવને વધાર્યું છે. તેમ લખવામાં કશું જ અજુગતું નથી. અત્યાર સુધી તેઓશ્રીએ ૪૨૫ મુમુક્ષોને દિક્ષા આપી સંત સમુદાયને વિકસાવ્યો છે. અને તેઓને ધર્માચરણમાં જ રત રહેવા બાધ્ય કર્યા છે.

નવનિર્મત ૨૮૧ મંદિરો તથા ૩૪૭ મંદિરોના જીર્ણોદ્ધાર બાદ પ્રાણપ્રતિષ્ઠા કરી ઉપરાંત ૨ લાખથી વધારે મુમુક્ષુઓને ગુરુમંત્ર આપી કલ્યાણનો માર્ગ મોકળો કરી ભગવાન શ્રીહરિના સાશ્વત સુખના ભોગતા કર્યા છે. સંપ્રદાયના ધર્મ પ્રચલનના માર્ગ તેઓએ ક્યારેય પણ પ્રમાદ સેવ્યો નથી. અને સખત પરિશ્રમી પ્રવાસ ખેડીને કુલ ૭૧૨૮ ગામોમાં સંપ્રદાય અને સત્સંગને વિસ્તાર્યો છે. તો ૩૯૮૦ જેટલી ધર્મસભા સંબોધી પોતાના દિવ્ય જ્ઞાન પ્રભાવ દ્વારા સત્સંગી સમાજ યા બિન સત્સંગીસમાજને પ્રેરણારૂપ સંદેશ આપી તેમના જીવનને ઉન્નત બનાવવાનો માર્ગ પ્રબોધવામાં પાછી પાની કરી નથી.

**(સવિશેષ કાર્ય તો તેઓશ્રીએ સરધારધામના વિકાસ માટે પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીને આજ્ઞા કરી જેને લઈને આજે અહિં અનેકાવિધ કાર્યો થઈ રહ્યા છે. અને તે છે 'ભવિષ્યમાં અહીંયા બહુ જ મોટું મંદિર થશે.' એમ શ્રીજી મહારાજે આશીર્વાદ આપેલ એવી તીર્થભૂમિ સરધારધામમાં રાજકોટથી ભાવનગર હાઈવે પર સહકારી ગોડાઉન નજીકમાં ત્રણ એકર જમીનમાં ભવ્ય શિખરબધ્ધ મંદિરનું કામકાજ ચાલું છે. આ મંદિર પાંચ શિખર સહિત બંસીપહાડ પથ્થરમાં (રાજસ્થાની ગુલાબી પથ્થર) ૯૯X૧૫૫ ફુટના ઘેરાવાવાળું અને ૮૧ ફુટ ઉંચાઈવાળું તૈયાર થતા શિલ્પ સ્થાપત્યમાં સૌરાષ્ટ્રનાં સર્વશ્રેષ્ઠ નજરાણારૂપ બનશે. આ મંદિરમાં ૧૬ ઘુમ્મટ અને ૧૦૮ સ્તંભ તેમજ ૧૦૮ કમાન આવશે. દરેક ઘુમ્મટ અને છત કોસલા નકશીકામ યુક્ત તેમજ સ્તંભ પણ નકશી સભર બનશે. આશરે ૫૦,૦૦૦ ફુટ બાંધકામ થશે. બાંધકામમાં આશરે ૧૦ લાખ ઈંટો વપરાશે. અંદાજીત ખર્ચ ૭ કરોડની આસપાસ થશે. તેમજ તેની સાથે સાથે શ્રી નૃગેન્દ્ર સભામંડપ, સંત નિવાસ, હોસ્પિટલ, આચાર્યશ્રી નિવાસ, શ્રી નૃગેન્દ્ર ભક્તભુવન વગેરે તૈયાર કરવામાં આવેલ છે.**


**તેમજ સરધાર મંદિર દ્વારા તેઓશ્રીની જ આજ્ઞાથી ગુરુમંત્ર મહોત્સવ - ૧૯૯૬, ઉદ્ઘાટન મહોત્સવ - ૧૯૯૯, આગમન મહોત્સવ-૨૦૦૨ વગેરે વિશાળ મહા મહોત્સવો ઉજવાયા છે. અને દર વર્ષ સત્સંગ છાવણી, બાળ-યુવા મહોત્સવ, કથા પારાયણો,**



**સંતોનું ગામડે અને વિદેશોમાં સત્સંગ પ્રચારાર્થે સતત વિચરણકાર્ય ચાલુ રહે છે. તેમજ ભક્તજનો ઘેર બેઠા પણ સત્સંગ લાભ શકે તે માટે 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અને 'અભયદાન સત્સંગ' માસિકો તથા સંપ્રદાયના માન્ય ગ્રંથોનું અવનવું પ્રકાશન કરવામાં આવે છે. તથા આજના આધુનિક યુગમાં ઘેર બેઠાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ સંતોની કથા-વાર્તારૂપી અમૃતવાણીનો દિવ્ય લાભ મળે તેવા હેતુથી ઓડિયો-વિડિયો કેસેટોનું પ્રકાશન પણ કરવામાં આવે છે.)**











સ્વભાવે નિર્માની, નિખાલસ, સેવાભાવિ અને સૌના સુખે સુખી અને દુ:ખે દુ:ખી થતાં પ.પૂ. આચાર્યજી મહારાજના આશીર્વાદથી કંઈક અભાગ્યાના ભાગ્ય પલટાઈ ગયાના સેંકડો ઉદાહરણનું સત્સંગ સમાજમાં સારૂ મૂલ્યાંકન છે. કોઈ પણ દુ:ખી, કોઈ પણ સમસ્યા તેમની પાસે લઈને જાય તેનું તરત નિરાકરણ લાવી જે તે વ્યક્તિને સચોટ માર્ગદર્શન આપી પ.પૂ. આચાર્યજી મહારાજ તેને જે પ્રકારે આશ્વાસન આપે છે તેથી ઘણી વખત તો આપોઆપ જ જે તે વ્યક્તિના દુ:ખદર્દ દૂર થયાનું અનુભવાયું છે.

અમેરિકા, યુરોપ, કેનેડા અને આફ્રિકા જેવા દેશોની ભૂમિપર અનેક વખત પ્રવાસ કરી તેમજ સંતોને આજ્ઞા કરી સત્સંગ સમાજની વિવિધ સમસ્યાઓ સમજી ધર્મના ઉત્થાનમાં તેઓએ કરેલા વિશિષ્ટ પ્રયાસોનું ભારે મૂલ્યાંકન છે. સામાજીક ઉન્નતિમાં પણ તેઓના યોગદાનથી રાષ્ટ્રની રચનાત્મક પ્રવૃતિને વેગવાન બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. નર્મદા યોજનામાં વિપુલ ધન રાશીનું સમર્પણ, લાતુરના ધરતીકંપમાં ૨૯ દિવસો સુધી સ્વયં હાજર રહી અસરગ્રસ્તોની સર્વપ્રકારે સેવા કરનાર પ.પૂ. આચાર્યજી મહારાજે ખેડા જીલ્લા અને સુરતના ભયંકર પુર હોનારત વખતે પણ તમામ સહાયતાનો ધોધ વર્ષાવ્યો હતો. તેઓશ્રીએ ૧૪૮ વખત રક્તદાન કરી માનવતા ધર્મને ઉજાળી કંઈકના જીવનને બચાવી લેવામાં પણ સુંદર યોગદાન આપ્યું છે.

વળી સંપ્રદાય માટે તેઓના હૃદયમાં ઉંચો આદરભાવ પ્રગટાવ્યો છે. શંકરાચાર્ય, અભિનવ સચ્ચિદાનંદજી, રામાનુજાચાર્ય, વૈષ્ણવાચાર્ય વ્રજરાયજી જેવા અનેક ધર્માચાર્ય મહામંડલેશ્વરો સાથે પણ નિકટતાના સંબંધો કેળવી સંપ્રદાયની સેવામાં તેઓને જોતરવાની મહત્ત્વપૂર્ણ કામગીરી કરી હતી. અને પ.પૂ. આચાર્યજી મહારાજે વર્તમાન સમયે માર્ગ ભૂલેલા સાધુ-સંતોના સંપ્રદાય વિરોધી કાર્યોથી ભારે વ્યથિત થયેલા છે. તેંમ છતાં પણ જે કુશળતાથી અને આત્મવિશ્વાસ સાથે શ્રી હરિકૃષ્ણ મહારાજને આગળ રાખી ધર્મયુદ્ધ લડી રહ્યા છે. જેનો જોટો જડવો મુશ્કેલ છે. જે પ.પૂ. આચાર્યજી મહારાજને પ્રાપ્ત થયેલી વિશિષ્ટ શક્તિ અને શ્રીજી મહારાજના આશીર્વાદનો આવિષ્કાર જ સમજવો રહ્યો. આવા મહાપ્રતાપી, ધર્મધુરંધર, સનાતન ધર્મમાર્તંડ, સદ્ધર્મ પ્રવર્તક, સદ્ધર્મનિષ્ઠ, ધર્મ પ્રપોષક, આચાર્ય ચુડામણી, આચાર્યપ્રવર, સત્સંગ શિરોમણી, સત્સંગ ભૂષણ, ધર્માબ્જ ભાસ્કર, શ્રીહરિ અપર સ્વરૂપ સમા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ ધર્મના ઉત્થાનમાં સદાકાળ પ્રવૃત રહે તેવી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણકમળમાં પ્રાર્થના સહ તેઓશ્રીના ચરણમાં અનેક સંતો-હરિભક્તોના કોટિ કોટિ વંદન......

# तस्मै श्रीगुरवे नमः

**प**रोऽग्रे नो गुरुः कृतः करणीयश्च साधुभिः ।
**पू**र्ववत् तेषां तदीयानां च वृथा याति जीवनम् ॥१॥
**ध**र्मस्थैः मद्वचः श्रव्यं विस्तृते भवसागरे ।
**धू**र्गतक्रमिकां नौकामारुह्य यान्तु चाभयम् ॥२॥
**आ**चार्यश्च मया दृष्टः तल्लब्धं फलमीप्सितम् ।
**चा**व्यां शक्यं न केनापि प्राप्तुं तद्दर्शनं विना ॥३॥
**र्य** आचार्यमाहात्म्यं चेज्ज्ञातुमिच्छति सो नरः ।
**श्री** काव्यं नैष्कुलानन्दं शृणोतु चाति सादरम् ॥४॥
**अ**जेश्वरं परित्यज्य योऽन्यत्र कुरुते श्रमम् ।
**जे**तृत्वमपि वृथा तस्य हा हन्तेति मन्मतम् ॥५॥
**न्या**यतो वारमेकं च श्रूयतां सादरं वचः ।
**द्र**ष्ट्राचार्यक्रमत्यागो भारतीयैरसाम्प्रतम् ॥६॥
**प्र**चुरं माननीयोऽस्ति सर्वैः वन्द्यस्तथेश्वरः ।
**सा**क्षात् विश्वेश्वरो ब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥७॥
**द**र्शनं श्रीगुरोः सर्वपापपङ्कस्य शोषकम् ।
**जी**वन्मुक्ताश्रयं ज्ञेयं तस्माच्चाराधयेत् गुरुम् ॥८॥
**म**हायत्नेन कर्तव्यं सादरं सेवनं गुरोः ।
**हा** हा मुमुक्षवः! सर्वैः स्मर्तव्यं खलु मद्वचः ॥९॥
**रा**गात्मकपृथिव्यां च पारं भवमहोदधेः ।
**ज**नाः यातुमिच्छन्तीह सेव्यं पदाम्बुजं गुरोः ॥१०॥
श्रीहर्यात्मीय सन्तानामन्तिके चातिसादरम् ।
नित्यं च मनसा वाचा ज्ञापनेयं समर्पिता ॥११॥
कृतिश्चेयं विद्वत्सतां समर्प्यते मया गुरौ ।
भा क्तभाजेन दासेन सरधारपुरवासिभिः ॥
सद्भिः साकं तुष्टो तेन भूयाद् जगद् गुरु र्हरिः ॥

# તસ્મૈ શ્રીગુરવે નમઃ

૧. જે સાધુપુરુષોએ મોક્ષસાધનાનાં પ્રારંભમાં સૌપ્રથમ કરવા યોગ્ય પરમગુરુ આચાર્યશ્રીને પોતાના ગુરુ નથી કર્યા તેઓનું અને તેઓના અનુયાયીઓનું પૂર્વ ચોર્યાસી લાખ દેહોની જેમ આ જીવન પણ વૃથા જાય છે.

૨. જે એકાંતિક ધર્મને પાળે છે તે ભક્તજનો મારું વચન સાંભળો. વંશવારસાગત રીતે ચાલી આવતી ધર્મધુરાવહન (અણિશુદ્ધ આચાર્ય પરંપરા) રૂપી નૌકા (હોડી)માં બેસીને તમે સહેલાઈથી વિસ્તૃત સંસારસાગરને પાર કરો, નૌકાનો આશરો છે માટે સંસારસાગરને પાર કરવામાં તમને કોઈ જ ભય નથી.

૩. મેં આચાર્યશ્રીના દર્શન કર્યા અને એમના દર્શનથી મને અભીષ્ટ ફળની પ્રાપ્તિ થઈ, આ અભીષ્ટ ફળ મેળવવા માટે કોઈ પુરુષ પોતાની બુદ્ધિ દ્વારા પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે તો તે આચાર્યશ્રીના દર્શન વિના શક્ય જ નથી.

૪. જે મનુષ્ય આચાર્યશ્રીનું યથાર્થ માહાત્મ્ય જાણવા માંગતો હોય તો તે મનુષ્ય અતિ આદરથી પંચવર્તમાને યુક્ત સંતોના મુખ થકી 'નિષ્કુળાનંદ કાવ્ય'ને સાંભળે.

૫. શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજનો ત્યાગ કરી બીજો જે પરિશ્રમ કરે છે તે પૃથ્વીનો વિજેતા હોવા છતાં એમનું જીવન વૃથા છે. કનિષ્ઠને માટે શ્રેષ્ઠનો ત્યાગ કરે છે એનું મને દુઃખ છે.

૬. તમે ધર્મ અનુસાર મારી વાત સાંભળો. મારું તમને એટલું જ નિવેદન છે કે, આર્ષદષ્ટા આચાર્યશ્રીની સ્થાપનાની જે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પૂર્વથી ચાલી આવતી અણિશુદ્ધ વંશપરંપરાનો જે નિયમ તેનો પરિત્યાગ તે ભારતીય સંસ્કૃતિને માટે અતિ અનુચિત જ છે.

૭. ગુરુ સર્વને માટે અતિ આદરણીય અને વંદન કરવા યોગ્ય છે. હે ગુરુ ! તમે તો સાક્ષાત્ ગુરુરૂપ હરિ છો, વિશ્વેશ્વર-પરં વંદનીય બ્રહ્મ સ્વરૂપ છો. ગુરુરૂપ હરિને મારા લાખ લાખ વાર પ્રણામ...!!

૮. ગુરુના દર્શન એ તો પાપરૂપી કીચડનું શોષણ કરનાર છે. હે મુમુક્ષુઓ ! જીવનમુક્તપુરુષોના પણ આશ્રય સ્થાન ગુરુ છે માટે સર્વ પુરૂષાતનથી ગુરુને આરાધવા યોગ્ય છે..

૯. અતિ પરિશ્રમથી આદરની સાથે ગુરુની સેવા કરવી. અરે ! મુમુક્ષુઓ, તમે સર્વે મારું આ વચન હંમેશાને માટે યાદ રાખજો.

૧૦. આ રાગાત્મક પૃથ્વીમાં સંસારસાગરનો પાર આવે એમ જ નથી અને જો કોઈ મનુષ્ય પાર કરવાની ઈચ્છા રાખતો હોય તો બસ એનો એક જ ઉપાય છે કે ગુરુના ચરણારવિંદની સેવા કરો તો સામે પાર પહોંચી જશો.


૧૧. ભગવાન શ્રી સ્વામિનારાયણના આત્મીય એવા સંતોની સમક્ષ હું અતિ આદરની સાથે નિત્ય સર્વદા મન અને વાણીથી આ વિજ્ઞાપના સમર્પિત કરું છું.

આ વિદ્યાભ્યાસી સંતોએ બનાવેલી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગુણોની પ્રશસ્તિની-કૃતિ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તકમળમાં સમર્પણ કરતાં અમો સરધાર નિવાસી આપના સાધુ નિત્યસ્વરૂપદાસજી આદિક સંતો આનંદ અનુભવીએ છીએ - ભગવાન શ્રીહરિ તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અમારા સૌ સંતોના પ્રયત્નથી રાજી થાય એવી અપેક્ષા સહ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શતશઃ વંદનીય શ્રીચરણોમાં કોટિ કોટિ પ્રણામ...

સર્વોપરી, સર્વકારણના કારણના કારણ,
સર્વાવતારી પૂર્ણપુરુષોત્તમ નારાયણ
ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનના

# દિગંતમાં પથરાયેલ સોળે ચિહ્ન યુક્ત ચરણારવિંદ અને તેનો મહિમા

સાધુ અમૃતસ્વરૂપદાસ,
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)



આ પૃથ્વીને વિષે અનેકાનેક અસંખ્ય પગલાંઓ પડતાં રહે છે અને સમયાંતરે ભૂંસાતા રહે છે. પરંતુ કોઈનાંય પગલાંની છાપ સનાતન સમય કે હંમેશને માટે પડતી નથી, રહેતી નથી. તેથી તો પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ પોતાના શ્રીહરિલીલામૃત ગ્રંથમાં કહે છે :-

'પગ ઠેલી પર્વત પાડતા, નભ તારા નખથી ઉખાડતા ।
કરી અંજલી સિંધુ પી જતા, નવ જાણે જન કોઈ ક્યાં હતા ॥'

આવા મોટા મોટા મનુષ્યો પણ આ ધરતી પર આવીને જતાં રહ્યાં છે. પરંતુ કોઈનાંય પગલાંની અમીટ છાપ અહિં રહી નથી, એમની ઊંચી ઝંખનાઓ કાળની ઊડતી રેતમાં જ રહી જાય છે. આ બધી ઝંખનાઓમાં અવતારી મહાપુરુષોનાં ચરણો એમાં અપવાદરૂપ છે.

વિક્રમ સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ - ૯, સોમવાર તા. ૨-૪-૧૭૮૧ થી ૧૮૮૬ જેઠ સુદ - ૧૦, મંગળવાર તા. ૧-૬-૧૮૩૦ સુધી આ વસુંધરા પર સર્વોપરી, સર્વકારણના કારણ, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદનું વિચરણ કુલ ૧૭, ૯૬૦ દિવસ થયું જેમાં ભારત દેશનાં ૧૬ રાજ્યોના અનેક ગામડાઓને, શહેરોને અને નગરોને લાભ આપી પાવન કર્યા હતા.

પૂર્ણ પુરુષોત્તમ નારાયણ તથા ધરતી પર જન્મ લઈને પગ માંડતા અસંખ્ય માનવીઓમાં ફર્ક ક્યાં છે ? તો આજે ૨૦૦ વર્ષ પછી પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણચિહ્નો (ચરણછાપ) એવાં જ અક્ષત છે અને આવનારાં હજારો વર્ષો સુધી એવાં જ અક્ષત રહેશે. હજારો પરમહંસો અને લાખોની સંખ્યામાં હરિભક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણોની એમની હયાતીમાં જ ઉપાસના કરતા હતા. એટલે જ સદ્. પ્રેમાનંદ સ્વામી કહે છે :-

'હમ તો એક સહજાનંદ ચરણ કે ઉપાસી;'

આ ચરણારવિંદ પૂર્ણ પુરુષોત્તમ નારાયણનાં જ ચરણારવિંદ છે, અને અમો એ ચરણના જ ઉપાસક છીએ. - એવી દૃઢતાની સાથે લાખોની સંખ્યામાં માનવીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણને પૂજતા હતા. અને ભવિષ્યના હજારો વર્ષો સુધી એ જ નિષ્ઠાપૂર્વક ભક્તિભાવની સાથે પૂજતા રહેશે.

પરમાત્માના ચરણારવિંદનો મહિમા વિશ્વના સૌથી પ્રાચીન ધર્મ, સનાતન હિન્દુ ધર્મમાં વૈદિક સમયથી રહ્યો છે. શ્રીમદ્ ભાગવતમાં ભગવાનની ચરણસેવાનો મહિમા ગાતાં બ્રહ્માજી પ્રાર્થના કરતાં કહે છે :-

'तदस्तु मे नाथ स भूरिभागो, भवेडत्र वान्यत्र तु वा तिरश्चाम् ।
येनाहमेकोडपि भवज्जनानां, भूत्वा निषेवे तव पादपल्लवम् ।।'

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૧૪/૩૦)

હે પ્રભુ ! આ જન્મે અથવા તો આવતા જન્મે મને મળનારા પશુ-પંખીના શરીરમાં મને એવું સૌભાગ્ય આપજો કે જેથી હું આપના ચરણની સેવા કરી શકું.

અરે ! શ્રીમદ્ ભાગવતમાં પ્રહ્લાદજી તો ત્યાં સુધી કહે છે કે, ૧૨ લક્ષણોયુક્ત બ્રાહ્મણ પણ ભગવાનનાં ચરણકમળમાં સમર્પિત ન થયો હોય તો તેના કરતાં ભગવાનનાં ચરણકમળમાં સમર્પિત થયેલો ચાંડાળ પણ શ્રેષ્ઠ છે. એ ચાંડાળ પવિત્ર છે અને પોતાના કુળને પવિત્ર કરે છે. પરંતુ એ બ્રાહ્મણ ક્યારેય પવિત્ર થઈ શક્તો નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંત્ય પ્રકરણના ૭માં વચનામૃતમાં કહે છે :- 'ભક્તજન હોય તેને પણ પોતાનું જે મન છે તેને પરમેશ્વરનાં ચરણારવિંદને વિષે દૃઢ કરીને રાખવું. જેમ વજ્રની પૃથ્વી હોય તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે

કોઈ રીતે ઊખડે નહિ તેમ ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું. અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનનાં ધામમાં જવું એમ નથી, એ તો છતી દેહે જ ભગવાનનાં ધામને પામી રહ્યો છે.'

'चरणकमल बंदौ हरिराई...' ગાનારાં સૂરદાસજીથી લઈને 'નિર્ભય ચરણ છે નાથનાં...' લખનારા સદ્. નિષ્કુળાનંદ સ્વામી સુધીના હજારો ભક્તકવિઓએ ભગવાનની ચરણરજની અપરંપાર ગાથાઓ ગાઈ છે.

ચરણસેવા એટલે ભગવાનની શરણાગતિનું પ્રતીક. ચરણસેવા એટલે ભક્તનો ભગવાન પ્રત્યેનો મન-કર્મ-વચને સમર્પણભાવ. એક પરમાત્માની ચરણસેવા જ મુમુક્ષુઓને માયામય સંસારના દુઃખોથી ઊગારવાનું સર્વશ્રેષ્ઠ સાધન છે. તેથી તો સદ્. પ્રેમાનંદ સ્વામી કહે છે :-

'अमरपति, नर, नाग, असुर, सुर-सब माया के चेरा रे;
प्रेमानंद जानी सब दुःखमय, दियो चरन तेरे डेरा रे.'

રામચરિત્ર માનસમાં ગોસ્વામી તુલસીદાસજીએ ઠેર ઠેર ભગવાનનાં ચરણારવિંદની ગુણગાથાઓ ગાઈ છે. વિનય પત્રિકા(૧૩૧-૧)માં લખે છે કે, ભગવાનનાં ચરણોમાં અનુરાગ એ જ મનુષ્ય જીવનનો સૌથી મોટો લાભ છે :-

'पावन प्रेम राम-चरण-कमल जनम लाहु परम् ।' તો વળી, આધ્યાત્મિક સાધના માત્રનો સાર બતાવતા તેઓ કહે છે :- 'साधन सिद्धि राम पग सनेहु ।' અર્થાત્ ભગવાનનાં ચરણોમાં સ્નેહ થાય તે જ સૌથી મોટું સાધન અને તે જ સૌથી મોટી સિદ્ધિ છે.

શ્રીજીમહારાજ લોયા પ્રકરણના ૧૩માં વચનામૃતમાં ભગવાનના ચરણારવિંદનો મહિમા કહેતા કહે છે :- 'નાડી પ્રાણ સંકેલાઈને નિર્વિકલ્પ સ્થિતિએ કરીને શ્રીનારાયણના ચરણારવિંદમાં રહ્યો હોય તો તુચ્છ જેવો જીવ હોય તેને પણ દેશ, કાળ, સંગાદિકે કરીને પરાભવ ન થાય. અને એવી રીતે બ્રહ્માદિક રહ્યા હોય તો તેને પણ પરાભવ ન થાય. અને એવી રીતે સ્થિતિ ન હોય ને દેહમાં વર્તતા હોય તો બીજા જીવને પરાભવ થાય ને એવા મોટા જે બ્રહ્માદિક તેને પણ થાય.'

ભગવાનના શ્રીચરણોમાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરીને નિઃશંકપણે તેમનો આશ્રય ગ્રહણ કરવો તેનું નામ શરણાગતિ છે.

શરણાગત ભક્ત માટે ભગવાને ઉચ્ચારેલાં અભય વચનોથી ભારતીય પૌરાણિક સાહિત્ય છલકાય છે. પરંતુ તેમાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણે પસંદ કરેલો શ્રેષ્ઠ શ્લોક તેઓએ વડતાલ પ્રકરણના ૫માં વચનામૃતમાં ટાંક્યો છે :-

'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।'

બીજા સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકને જ શરણ આવ, તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ, તું શોક મા કર્ય.

વાલ્મીકિ રામાયણમાં ભગવાનના શબ્દો ગૂંજે છે :-

'सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते । अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम ।।'

(वा.रा.युद्ध : १८/२३)

અર્થાત્ જે એકવાર પણ મારા શરણમાં આવે છે અને હું તમારો છું એવી પ્રાર્થના કરે છે તેને હું અભયદાન આપું છું. આ મારી પ્રતિજ્ઞા છે.

આમ, અનેક સનાતન હિન્દુ સંપ્રદાયના શાસ્ત્રોમાં ભગવાનના ચરણારવિંદનો અનેરો મહિમા વર્ણવવામાં આવ્યો છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્યાવારિધિ વિદ્વાન પંડિતવર્ય સદ્. અચિંત્યાનંદ સ્વામી તો શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથમાં કહે છે કે :-

अष्टकोणमतिमंगलास्पदं तत्र लक्ष्म हृदि चिन्त्यमुत्तमम् ।
यत् स्वचिन्तनकरं नयेत् परं साङ्गयोगमतिभद्रमह्नसा ।।६।।

ભગવાનનાં જમણા ચરણના અષ્ટકોણ ચિહ્નના ધ્યાનથી જ અષ્ટાંગયોગ સિદ્ધ થઈ જાય છે. અને અસંપ્રજ્ઞાત સમાધિ સુધી પહોંચી જવાય છે. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૩/૬૩/૬)

સામાન્ય રીતે સિદ્ધાસન વાળી, પ્રાણને બ્રહ્મરંધ્રમાં ચડાવી, યોગસાધના દ્વારા ઈન્દ્રિયોની વૃત્તિને પાછી વાળી હૃદય સન્મુખ કરવા માટે ઘણા મુમુક્ષુઓ જગતમાં મથતા હોય છે. આવા મુમુક્ષુઓને જ સિદ્ધયોગી સમજી સાધારણ જનતા તેમને પૂજવા લાગે છે. તેવા યોગીઓ પણ ક્યારેક માત્ર આસન અને પ્રાણાયામના પ્રયોગો બતાવીને યોગી હોવાનો દાવો સમાજ આગળ ધરે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્યાવારિધિ વિદ્વાન પંડિતવર્ય સદ્. અચિંત્યાનંદ સ્વામી તો શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથમાં કહે છે કે :- ભગવાનનાં જમણા ચરણના અષ્ટકોણ ચિહ્નના ધ્યાનથી જ અષ્ટાંગયોગ સિદ્ધ થઈ જાય છે. અને અસંપ્રજ્ઞાત સમાધિ સુધી પહોંચી જવાય છે.

પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણના મતે આ પ્રકારનું ધ્યાન આધ્યાત્મિક ઊર્ધ્વગતિ માટે આવશ્યક નથી. તેમના મતે તો ભગવાનમાં મન વૃત્તિ જોડાઈ જાય તે જ સાચું ધ્યાન અને તે જ સાચો યોગ છે. વસ્તુતઃ યોગદર્શનની પ્રતિજ્ઞા જ એ છે કે, 'योगश्चित्तवृत्तिनिरोधः' ચિત્તની વૃત્તિનો નિરોધ થાય તે જ યોગ. (યોગસૂત્ર : ૧/૧)

પંચરાત્ર શાસ્ત્રની અહિર્બુધ્ન્ય સંહિતા આ સૂત્રને સબીજ ધ્યાનમાં ફેરવતાં કહે છે કે, 'संयोगो योग इत्युक्तो जीवात्म परमात्मनोः' જીવાત્મા અને પરમાત્માનો દૃઢ સંબંધ થાય તે જ સાચો યોગ છે. આવી રીતે યોગદર્શનનું સાધ્ય સ્વયં યોગવિદ્યા નથી પરંતુ સાધ્ય પરમાત્મા છે. યોગવિદ્યા તો માત્ર સાધન છે. આ વિવેક જાણ્યા વગર સાધક થોડાં ઘણાં આસનો અને પ્રાણાયામના પ્રયોગો કરીને સાચો યોગી બની શકતો નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણ તેથી જ પ્રથમ પ્રકરણના ૨૫માં વચનામૃતમાં જણાવે છે કે, જે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનના સ્વરૂપમાં જોડાણી તેને અષ્ટાંગ યોગ વગર સાધે સધાઈ ગયો.

તો વળી, શ્રીજીમહારાજ ધ્યાનના અભ્યાસીની વાત કરતા અમદાવાદ પ્રકરણના ૧લા વચનામૃતમાં કહે છે કે, પ્રાણાયામવાળાનો કાંઈ મેળ નથી, એ તો જો એવા ધ્યાનનો અભ્યાસ કરે ને તે પરમેશ્વરનો એકાંતિક ભક્ત હોય તો તેને જ એ ધ્યાન સિદ્ધ થાય છે, પણ બીજા જીવ થકી તો એ માર્ગને વિષે ચલાતું જ નથી. માટે એ ધ્યાનના જે અધિકારી છે તેને તો કહ્યું એવું જે એ ધ્યાન તે થકી બીજો તત્કાળ સિદ્ધ થયાનો ઉપાય નથી. (આ વચનામૃતમાં પ્રથમ જે ધ્યાનની વાત કરી છે તે ધ્યાન સમજવું.)

માત્ર ચૌદ વર્ષની ઉંમરે જ ભગવાન શ્રી સ્વામિનારાયણે વન વિચરણ દરમ્યાન ગોપાળયોગી પાસે માત્ર એક વર્ષ રહીને પૂર્ણ અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હતો. આમ છતાં તેઓએ પોતાના આશ્રિત હરિભક્ત સમુદાયને અષ્ટાંગ યોગીની હઠસાધના પર ચઢાવવાને બદલે ચિત્તની વૃત્તિનો નિરોધ થાય તે જ સાચો યોગ છે - એમ આવી વિશિષ્ટ અને અદ્વિતીય સાધનાનો જ સૌને ઉપદેશ આપ્યો હતો. એટલે શ્રીજીમહારાજના સમકાલીન-સમયથી જ આ સંપ્રદાયમાં આધ્યાત્મિક સાધના માટે આસન, પ્રાણાયામ વગેરે કવાયતો કરતાં ભગવાનની મૂર્તિનું ચિંતવન જ સવિશેષપણે મુખ્ય રહ્યું છે. સંપ્રદાયના ભક્તિસાહિત્ય ઉપરાંત તત્ત્વચિંતનમાં પણ ભગવાનના પ્રત્યેક અંગને ધારી ધારીને નીરખવા પર વારંવાર ભાર અપાયો છે. આથી જ ભગવાન શ્રીહરિના સમકાલીન સંતો-ભક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીઅંગ(દિવ્ય વિગ્રહ-શરીર)નું જ ધ્યાન ધરવાની શ્રેષ્ઠ સાધનામાં લાગી ગયા હતા. હકીકતે, ભગવાનના સમસ્ત અંગમાં દર્શાતાં અનેક તિલો અને ચિહ્નોમાંથી ફક્ત ચરણારવિંદના એક જ ચિહ્નને સમગ્ર યોગદર્શનના ધ્યેયની સિદ્ધિ આપનાર કહેવું તે ફક્ત મહિમામૂલક જ નથી પરંતુ એ નંદસંતોની અનુભવસિદ્ધ વાત હતી.

સોળ ચિહ્નો પરબ્રહ્મ પરમાત્માની ઓળખનું મહત્ત્વનું પાસું બની ગયાં છે. ભગવાન પૃથ્વી પર અવતાર ધારણ કરે છે ત્યારે તે મનુષ્ય જેવા જ જણાય છે. મનુષ્યની જેમ જ ભોજન કરે શયન કરે તથા નિત્યક્રિયાઓ કરે છે. આવા સંજોગોમાં સાધારણ મનુષ્ય અને પરમાત્મામાં ભેદ કેવી રીતે જણાય ? પરમાત્માને કેવી રીતે ઓળખવા ? મુમુક્ષુઓની એ જિજ્ઞાસાના ઉત્તરરૂપે આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે, પરમાત્માનાં ચરણારવિંદમાં સોળ ચિહ્નો હોય છે. જેના ચરણમાં સોળ ચિહ્નો હોય તે પરમાત્મા જાણવા. શ્રીમદ્ જીવગોસ્વામી પદ્મપુરાણનો સંદર્ભ આપીને સોળ ચિહ્નો અંગે વિશેષતા જણાવતાં કહે છે કે, આ સોળે સોળ ચિહ્નો જે પણ વ્યક્તિનાં ચરણારવિંદમાં જણાય ત્યારે તે વ્યક્તિ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ જ છે, તેમ સમજવું. જેના ચરણારવિંદમાં આ સોળ ચિહ્નોમાંથી બે, ત્રણ, ચાર, પાંચ એમ ક્રમશઃ વધારે હોય તો તે તે અવતારોમાં એટલું સામર્થ્ય વધારે છે તેમ સમજવું.

પોતાનાં ચરણારવિંદમાં આ સોળ ચિહ્નોનાં દર્શન ભગવાન શ્રી સ્વામિનારાયણે સેંકડો પ્રસંગે મુમુક્ષુઓને કરાવ્યાં હતાં. આ સોળ ચિહ્નોનાં દર્શન કરીને હજારો મુમુક્ષુઓને તેઓ સાક્ષાત્ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે તેવી પ્રતીતિ થઈ હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણની હયાતીમાં જ પૂજાતી તેમનાં ચરણારવિંદની આ મહોર છાપ, તેમના સોળ ચરણચિહ્નોની જ નહીં, પરંતુ તેઓના સર્વોપરી અવતારી સ્વરૂપની ગાથા ગાય છે. શ્રીજીમહારાજના સમકાલીનમાં વિસ્તરેલો તેઓનો ચરણછાપનો મહિમા એ કોઈ ઘેલછા નહોતી, છટાદાર પ્રતિભાવંત વ્યક્તિત્વથી અંજાઈને તેમની પાછળ દોડનારાં એક નિશ્ચિત્ સમયના લોકોની અંધશ્રદ્ધા નહોતી. કોઈ પંથ કે કોઈ વાડાની પેઢીઓથી ચાલી આવતી પરંપરા નહોતી. પરંતુ તે એક દાર્શનિક સિદ્ધાંત હતો. ચોક્કસ તત્ત્વજ્ઞાન અને ઉપાસનાના સિદ્ધાંતનું ભારોભાર વજન તેની પાછળ હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં સમકાલીન નંદસંતકવિઓએ રચેલાં સેંકડો કાવ્યોમાં પણ સોળ ચિહ્નોનો અચૂક ઉલ્લેખ જોવા મળે છે. સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. નિત્યાનંદ સ્વામી, સદ્. શુકાનંદ સ્વામી વગેરે પરમહંસો કથા-ઉપદેશ દરમ્યાન પણ સોળ ચિહ્નોનો ઉલ્લેખ કરતા હતા.


**વિશિષ્ટ ચરણછાપમાં ચિહ્નોનાં સ્પષ્ટતાપૂર્વક થતાં દર્શન :**

એક સમયે શ્રીજી મહારાજે પોતાના લહિયા સંત શુકાનંદ સ્વામીની ઉપર રાજીપો દર્શાવીને ચરણછાપ આપી હતી. અને તે ચરણછાપ સદ્. શુકાનંદ સ્વામીના શિષ્ય પરંપરાગત સ્વામી શ્રી ભક્તિજીવનદાસજી(વડતાલ)ને મળેલ. તે ચરણછાપ સદ્. કો. લક્ષ્મીપ્રસાદજીના ઉપદેશથી માંડવધારમાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સં. ૨૦૨૨, ભાદરવા સુદ - ૧૧ના રોજ પધરાવવામાં આવેલ છે. (આ ચરણારવિંદની ફોટોકોપી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જુઓ પેજ નં.૧૦)

આજે ૨૦૦ વર્ષના વાણાં વીતી ગયા પછી પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરીતાના દર્શન એ ચરણછાપથી થાય છે. કારણ કે, બંને ચરણમાં ઊર્ધ્વરેખા સહિત જમણાં ચરણારવિંદમાં નીચેથી અનુક્રમે જાંબુ, અંકુશ, ધ્વજ અને સ્વસ્તિકના ચિહ્ન સ્પષ્ટ રીતે દેખાય છે તથા ચરણારવિંદને આડા રાખીને જોવાથી બાજુમાંથી અષ્ટકોણનું ચિહ્ન દેખાય છે અને વજ્રનું ચિહ્ન પણ અર્ધું દેખાય છે. ડાબા ચરણમાં અર્ધચંદ્ર, ધનુષ, ગોપદ, ત્રિકોણના સ્પષ્ટ રીતે દર્શન થાય છે અને મત્સ્યનું ચિહ્ન ચરણારવિંદની બાજુની સાઈડમાંથી દેખાઈ આવે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વોપરી, સર્વાવતારી છે એમ દૃઢતા અને નિષ્ઠાપૂર્વક ભાવિપેઢીને સમજાવવા માટે આ ચરણછાપ જ પુરાવો બની રહે છે. ભવિષ્યમાં આપણી સામે કોઈ તર્ક-વિતર્કમાં આવે તો પણ આ ચરણછાપ એક ચોક્કસ પુરાવો બની રહેશે.

(વિશેષ રજુઆત આગામી અંકોમાં)



**ભગવાન શ્રી સ્વામિનારાયણના સોળે ચિહ્ન સહિત પ્રસાદીના ચરણારવિંદ (શ્રી સ્વા.મંદિર - માંડવધાર)**

શ્રીજી મહારાજનાં આ ચરણારવિંદની વિશેષતા એ છે કે :- બંને ચરણમાં ઊર્ધ્વરેખા સહિત જમણા ચરણારવિંદમાં નીચેથી અનુક્રમે જાંબુ, અંકુશ, ધ્વજ, અને સ્વસ્તિકનાં ચિહ્ન સ્પષ્ટ દેખાય છે તથા ચરણારવિંદને આડા રાખીને જોવાથી બાજુમાંથી અષ્ટકોણનું ચિહ્ન દેખાય છે તથા વજ્રનું ચિહ્ન પણ અર્ધું દેખાય છે. ડાબા ચરણમાં અર્ધચંદ્ર, ધનુષ, ગોપદ, ત્રિકોણ સ્પષ્ટ જણાય છે અને મત્સ્યનું ચિહ્ન ચરણારવિંદની બાજુની સાઈડમાંથી દેખાઈ આવે છે.

# ભગવાનનાં સોળ ચરણચિહ્નો : મહિમાવર્ણન તથા ધ્યાનનું ફળ




ભગવાન શ્રીહરિનાં જમણાં ચરણારવિંદમાં નવ ચિહ્નો :

**જવ :** સંસ્કૃતમાં તેને યવ કહે છે. ઘઉંના જેવો જ દાણો હોય છે. તેનો રંગ ઘઉં કરતાં થોડો જુદો પડે છે. જવ આકારનું આ ચિહ્ન અંગુઠા અને ઊર્ધ્વરેખાના મૂળમાં છે.

સંસ્કૃતમાં તેને યવ કહે છે. ઘઉંના જેવો જ દાણો હોય છે. તેવે રંગ ઘઉં કરતાં થોડો જુદો પડે છે. જવ આકારનું આ ચિહ્ન અંગુઠા અને ઊર્ધ્વરેખાના મૂળમાં છે.

ફળ : જવ ચિહ્નનું સ્મરણ કરનારનાં તમામ પાપો નાશ પામે છે, મન નિર્મળ થાય છે. પરમાત્માનો દૃઢ સંયોગ થાય છે. આત્મા અને પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

જવને ધાન્યનો રાજા કહ્યો હોવાથી તેનાં ધ્યાનથી ધન-ધાન્યની સમૃદ્ધિ રહે છે.

**જાંબુ :** જાંબુના ફળ જેવું ચિહ્ન.

ફળ : જાંબુ ચિહ્નનું ધ્યાન ધરનારનું મન માયિક વિષય તેમજ આ લોક કે સ્વર્ગલોકમાં પણ મન ઠરતું નથી. જેમ જાંબુફળમાં અન્ય ફળ કરતાં વિશેષ રસ છે તેમ પરમાત્માનું સ્વરૂપ સર્વે રસથી ભરપૂર છે. જાંબુ ચિહ્નનું ધ્યાન ધરનાર એ રસ ભરપૂર પરમાત્માના સ્વરૂપને માણે છે.

**વજ :** ત્રિશૂળના જેટલું લાંબું ઈન્દ્રનું એક શસ્ત્ર, જે આગળના ભાગમાં લંબગોળ, અણીદાર હોય છે.

ફળ : વજ ચિહ્નનું ધ્યાન કરનાર અંતઃશત્રુઓનો વિનાશ કરે છે. આસક્તિથી દુર્વિષયોમાં અહીંતહીં ભટકતા મનપંખીની પાંખો કાપીને તે મનપક્ષીને ભગવાનના સ્વરૂપમાં વિરામ આપે છે.

**ઊર્ધ્વરેખા :** અંગુઠા અને આંગળીની વચ્ચેથી પસાર થઈને નીકળી પાનીની બંને કોરે ફેલાતી રેખા.

ફળ : ઊર્ધ્વરેખાનું સ્મરણ કરનારનું મન ઊર્ધ્વગતિને પામે છે, જ્યાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ, મૂર્તિમાન અક્ષર તથા મુક્તો બિરાજમાન છે તેવા ઊર્ધ્વ ધામમાં ધ્યાન કરનારની ગતિ થાય છે.

**કેતુ :** અર્થાત્ ધજા, મંદિરના શિખર ઉપર તથા સેનામાં મુખ્ય યોદ્ધાઓના રથ ઉપર આ ધજા વિજયના પ્રતીકરૂપે શોભે છે.

ફળ : જેમ પવનના આધારે ધજા ફરકે છે તેમ ભક્ત ભગવાનની આજ્ઞાના આધારે વર્તે છે અને સુખ પામે છે. ધ્વજ (કેતુ) ચિહ્નનું ધ્યાન કરનાર કામદોષ પર વિજય મેળવે છે. માયિક વિષય વાસના ટાળીને સાધક નિર્ભય બને છે.

**પદ્મ :** અર્થાત્ સરોવરમાં ખીલેલ કમળપુષ્પ, લક્ષ્મીજીનું આસન.

ફળ : કમળ ચિહ્નનું ધ્યાન કરનાર સાધક જળકમળવત્ નિર્લેપ સ્થિતિ પ્રાપ્ત કરે છે અને ભગવાનનાં ચરણકમળમાં મનને સ્થિર કરે છે. સંસારરૂપ દૂષિત જળમાં રહેવા છતાં સાધકને સંસાર બાધ કરતો નથી. જેમ કમળ પાણીમાં ડૂબી જતું નથી તેમ ભક્ત અહં-મમત્વ અને જગતના પદાર્થોનાં જળમાં ડૂબી જતો નથી. એવા શુદ્ધ ભક્તનું હૃદય પણ કમળ સમાન છે તેથી ભગવાન એવા હૃદયકમળના આસન પર બિરાજમાન થાય છે.

**અંકુશ :** હાથીને વશ કરવા માટે વપરાતું નાનકડું હથિયાર. જેની આગળના ભાગમાં એક અણીદાર સીધું અને બીજું અણીદાર વળેલ પાંખિયું હોય છે તેવું ચિહ્ન.

ફળ : અંકુશ ચિહ્નનું ધ્યાન કરનાર સાધક મદ ઝરતા અતિ કામી બનેલા હાથી સમાન મનને વશ કરીને ભગવાન ભજવામાં બળવાન બને છે.

અંકુશ સમાન ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિક ગુણોની પ્રાપ્તિ થાય છે.

**અષ્ટકોણ :** જમણાં ચરણમાં આઠ ખૂણા યુક્ત ચિહ્ન.

ફળ : અષ્ટકોણનું ધ્યાન કરનાર ભક્ત અષ્ટાંગ યોગનું ફળ પ્રાપ્ત કરે છે, અષ્ટ આવરણથી પાર ભગવાનના અક્ષરધામમાં પહોંચે છે, જ્યાંથી જન્મમરણના ચક્રમાં પાછું પડવાનું નથી.

**સ્વસ્તિક :** જેને પ્રાદેશિક ભાષામાં સાથિયો અથવા સાંખીયો કહે છે તેવું માંગલિક ચિહ્ન, જે ચારે દિશાઓમાંથી ભગવાનની શક્તિને કેન્દ્રમાં આકર્ષિત કરવાનો નિર્દેશ કરે છે.

ફળ : સ્વસ્તિક શબ્દનો અર્થ થાય છે, સારું અસ્તિત્વ કરનાર. તેનું ધ્યાન કરનારનું અસ્તિત્વ મંગલમય બને છે. જીવનમાંથી તમામ અમંગળ દૂર થાય છે ને મંગળ છવાય છે, એકાંતિક-નિર્ગુણ સ્થિતિ પ્રાપ્ત કરાવે છે, ભગવાન સાથેનો અવિચ્છિન્ન સંબંધ દ્રઢાવે છે.

ભગવાન શ્રીહરિનાં ડાબા ચરણારવિંદમાં નવ ચિહ્નો :

**કળશ :** પાણી ભરવા માટે વપરાતું તાંબાનું જળપાત્ર. અમૃતકળશ નામથી પણ આ ચિહ્ન ઓળખાય છે.

ફળ : અમૃતકળશ પૂર્ણતાનું પ્રતીક છે. આ કળશચિહ્નનું ધ્યાન કરનાર ભક્ત પૂર્ણકામપણાને પામે છે, અક્ષરરૂપ અમૃત્વને પામે છે. જેમ પૂર્ણ કળશ શિખરથી શોભાયમાન મંદિરના સર્વોચ્ચ પદે ચઢે છે તેમ ભક્ત ભગવાનના સર્વોપરી અક્ષરધામમાં ગતિ પ્રાપ્ત કરે છે.

**અર્ધચંદ્ર :** સાતમ અથવા અષ્ટમીને દિવસે ઊગેલ ચંદ્ર જેવું ચિહ્ન.

ફળ : ચંદ્ર શીતળતાનું દ્યોતક છે. આ ચિહ્નનું ધ્યાન કરનાર ભકત તમામ દાહથી મુક્ત થઈને હૃદયમાં શીતળતા પ્રાપ્ત કરે છે, હૃદય આનંદથી ઊભરાય છે, મનની ઉદાસીનતા ટળીને પ્રફુલ્લિતતા પથરાય છે. આ ચિહ્નનું ધ્યાન કરનારના અંતરમાં ઉજાસ થાય છે. જેમ ચંદ્રને દેખીને પોયણા (રાત્રે ખીલતા કમળો) ખીલે છે તેવી રીતે આ ચિહ્નના ધ્યાનથી સાધકનાં અંતરમાં ભગવદ્‌શક્તિ ખીલી ઊઠે છે.

**વ્યોમ :** વ્યોમ અર્થાત્ આકાશ. નીલાંબર, અંત વગરનું આકાશ.

ફળ : આકાશ જેમ પૃથ્વી, જળ, તેજ, વાયુરૂપ ચારેય ભૂતોમાં રહેવા છતાં નિર્લેપ રહે છે તેમ આ ચિહ્નનું ધ્યાન કરનાર ભક્તજન સંસારમાં નિર્લેપતા પ્રાપ્ત કરે છે, તેના હૃદયાકાશમાં પરમાત્મા વિરાજે છે ને અંતે તે અક્ષરધામમાં જાય છે.

**ગોપદ :** જેનો આકાર ગાયના પગલાં જેવો છે તેવું ચિહ્ન, ગોષ્પદ અથવા ગોપદ.

ફળ : ગોપદ ચિહ્નનું ધ્યાન કરનારને અફાટ સંસારસાગર પણ ગાયના નાના પગલા જેવો નાનો બની જાય છે.

**ધનુષ્ય :** યોદ્ધાઓના હાથમાં શોભતું શસ્ત્રવિશેષનું ચિહ્ન. પદ્મપુરાણમાં ધનુષ્યને બદલે મેઘધનુષ્ય ચિહ્ન તરીકે કહ્યું છે.

ફળ : ધનુષ્ય નમ્રતા તથા શક્તિનું પ્રતીક છે. જીવને બળવાન તેમજ નમ્ર, વિવેકી, વિનયી અને નિર્ભય બનાવે છે. કામાદિક શત્રુઓને તે સાધક પરાભવ પમાડે છે.

**ત્રિકોણ :** ત્રણ ખૂણાવાળું ચિહ્નવિશેષ.

ફળ : આ ચિહ્નનું ધ્યાન કરનાર ભક્ત ત્રિવિધ તાપ (આધિ, વ્યાધિ, ઉપાધિ)થી મુક્ત થાય છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ - આ ત્રણ દેહના ભાવોનો ત્યાગ કરી જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ આ ત્રણ અવસ્થાને જીતે છે. બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિનો અધિકારી બને છે.

**મીન :** માછલું. માછલાનું ચિહ્નવિશેષ.

ફળ : મીન ચિહ્નનું ધ્યાન કરનાર સાધકનું માછલા જેવું ચંચળ મન ભક્તિમાર્ગમાં સ્થિર થાય છે. જગતરૂપી જળને બદલે ભગવાનની મૂર્તિરૂપી જળ તેનું જીવન બને છે.


## શ્રી સ્વામિનારાયણ ચિંતન માસિક પ્રકાશન માલિકી અંગેની માહિતી

**FROM-8**

૧. પ્રકાશન સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
૨. પ્રકાશન સમય : માસિક - દર મહિનાની ૨૦મી તારીખે
૩. મુદ્રકનું નામ : શ્રીજી આર્ટ
રાષ્ટ્રીયતા : હન્દી
સરનામું : આશ્રમરોડ, પાલડી - અમદાવાદ
૪. તંત્રીનું નામ : સાધુ દિવ્યસ્વરૂપદાસજી
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર. તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫
૫. માલિક : કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર. તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

હું કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી :** કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

૧૭૬મી વચનામૃત લેખનકાર્ય
પૂર્ણાહુતી તીથીએ દર્શન કરીએ

# ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરીતા...

પા.રાજુ ભગત
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
(સરધાર)



'...નઠારી ચીજને પણ કેટલાક લોકો પોતાના અંતરમાં ઠસાવવાના લાખ લાખ પ્રયોગો કરતા હોય છે...' તો જે ઉત્તમ છે અને વળી આપણી છે તેને આપણા અંતરમાં ઠસાવવા અને તે વસ્તુને સામી વ્યક્તિને કહેવામાં કરોડ કરોડ પ્રયત્નો કેમ ન કરવા જોઈએ.

આજે આપણે તે વસ્તુને ખોળવી છે કે, જે ઉત્તમ અને આપણી છે છતાંય આપણે તેને કેમ અપનાવતા નથી ? અને કેમ સામી વ્યક્તિના હૃદય સુધી પહોંચાડતા નથી ?

અરે ! ખુદ આપણા શ્રીજીમહારાજે આપણને આજ્ઞા કરીને વાત કરતા કહે છે : "...આ વાતને નિત્ય નવી ને નવી રાખજ્યો... ગાફલપણે કરી વિસારી દેશોમાં. આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો, અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો. અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો એમ અમારી આજ્ઞા છે. અને આ વાર્તા તો એવી જીવનદોરી છે જે દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતીતનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે અને આ જે અમે વાત કહી તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહીએ છીએ. અને પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે..." (વચ. ગ.મ. પ્રકરણ :૧૩)

વ્હાલા ભક્તજનો ! વિચાર કરો... મધ્યના ૧૩માં વચનામૃતમાં કહેલી વાત તે જ ઉત્તમ વસ્તુ ને તે જ આપણી છે. આજે વચનામૃત પુરુ થયાને ૧૭૬ વર્ષ થયા છે ત્યાં જ આ વાતને ગાફળપણે ભૂલીશું તો આપણા ઉપર શ્રીજીમહારાજ ઘણા નારાજ થશે.

પણ ના...ના... ખેર આજ સુધી જે થયું તે... પરંતુ આજથી જ ભગવાન શ્રી સ્વામિનારાયણની આ વાતને આપણે આપણા જીવનનું લક્ષ્ય બનાવી શ્રીજીમહારાજને રાજી કરી લઈએ... ભક્તજનો ! જો ખરેખર આ વાતને જ જીવનનું લક્ષ્ય બનાવવું હોય તો...

शुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप... (ભગવદ્ ગીતા)

થાઓ ઊભા.... છોડા તમારા હૃદયની શુદ્ર દુર્બળતાઓને....

अप्रमत्रेन वेध्धव्यम्... ब्रह्म तल्लक्ष्यमुच्यते... (ઉપનીષદ્)

ખંખેરો પ્રમાદ અને વીંધી નાખો તમારા લક્ષ્યને...

વ્હાલા ભક્તો ! જેમ દુનિયાભરના સમગ્ર અંધકારને નષ્ઠ કરવાની જવાબદારી સૂર્યની કાંધ પર છે તેમ એક શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી તરીકે સમગ્ર દુનિયામાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરિતાને પાથરવાની જવાબદારી આપણી કાંધ પર છે. તેથી તો આપણા નંદસંતો ઓરડાનાં ચાર દિવાલ વચ્ચે બેસી નહિ રહેતા સમગ્ર પૃથ્વી પર ઘૂમી વળ્યા છે. અનેકાનેક કષ્ઠો વેઠીને આ સંપ્રદાયની પવિત્ર સર્વોપરિતાની સુવાસને ચોમેર ફેલાવી હતી. તેને આજે યાદ કરીએ, કારણ કે...

'Use the Past to Shape the Future' ઉજળા ભવિષ્યના નિર્માણ માટે ભવ્ય ભૂતકાળને ક્યારેય ભૂલવો ન જોઈએ.

શ્રીજીમહારાજ કેટલા મોટા છે તેનો વિચાર કરીએ ત્યારે સદ્. અવિનાશાનંદ બ્રહ્મચારીની એક પંક્તિ યાદ જરૂર આવે :

**'આગે અવતારે કરી કર્યા પરાકર્મ ભારી,**
**ભક્ત દ્વારે તેવા કરે માટે આ**
**અવતારી.' (પદ : ૨૫૧)**

આ પંક્તિ ખૂબ વિચારો... અને આપણા સંપ્રદાયના ભક્તોના ચરિત્રો સાથે મેળવો તો જરૂર હૃદય હા કહેશે. એટલે જ આત્યંતિક કલ્યાણ ગ્રંથમાં સદ્. નંદકિશોર સ્વામી શ્રીજીમહારાજના જ શબ્દોમાં લખે છે :

'दुसरा अवतार है सो कार्यकारण अवतार हुआ है और जो मेरा अवतार है सो तो जीवोकुं ब्रह्मरूप करके आत्यंतिकी मुक्ति देने के वास्ते अक्षरातीत पुरुसोत्तम जो हम वह मनुष्य जैसा हुआ हुं ।'

તેમજ સદ્. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

**'કોટિ અવતારના કારણ કહિ, કોટિ કૃષ્ણ કર જોડી;**
**નિષ્કુળાનંદ રહે ચરણમેં, મેરે ઈષ્ટકી હજુર.'**

આટલું આટલું સંતો લખે છતાંય હજુ એક વાતનું દુઃખ થાય કે, જ્યાં જ્યાં કૃષ્ણ શબ્દ આવે ને આપણી દૃઢતામાં સંકલ્પ થાય. ઘણા ભક્તો તો ઘણી ઘણી શિબિરો ભરી હોય છતાં શિક્ષાપત્રીના પહેલા શ્લોકમાં મંગલાચરણ કર્યું તેનું કેમ સમજવું, શ્રીજીમહારાજે જે શિક્ષાપત્રીના પહેલા શ્લોકમાં જે સંબોધન કર્યું છે તે તો એક શિષ્ટાચાર માટે આપણને શીખવવા કે ગ્રંથની આદિમાં ભગવાનનું મંગલાચરણ કરવું. બાકી શ્રીજીમહારાજ મુક્તોએ સહિત પોતાનું જ હૃદયમાં ચિંતવન કરે છે.

એક વાતની જો સ્પષ્ટતા કરું તો કૃષ્ણ શબ્દ તે દ્વાપર યુગમાં પ્રગટેલ વાસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ માટે જ હોય તેવું નથી. કારણ કે, દ્વાપર યુગમાં થયેલા કૃષ્ણ ને તો હજુ પાંચ હજાર જેટલા વર્ષ થયા છે ત્યારે શાસ્ત્રોમાં તો હજારો વર્ષો પહેલા કૃષ્ણ નામનો શાસ્ત્રમાં ઉલ્લેખ જોવા મળે છે. જેમ કે, દ્વાપર યુગમાં થયેલા જે શ્રીકૃષ્ણ છે તે મનુ ભગવાનની ૫૧મી પેઢીમાં થયા છે પણ મનુની બીજી જ પેઢીએ ધ્રુવ થયા હતા. તે મનુના દિકરા ઉત્તાનપાદ ને તેના દિકરા ધ્રુવ તેના વિષે લખ્યું છે :

ईत्युत्तानपादः पुत्रो ध्रुवः कृष्णपरायणः

(भागवत : ४/१२/३८)

તો બીજી જ પેઢીએ થયેલા ધ્રુવ તે પણ કૃષ્ણપરાયણ રહી ભજન કરતા. ત્યારબાદ પચાસમી પેઢીએ વાસુદેવ થયા ને તેમના ઘેરે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો હતો. તો ધ્રુવ જે કૃષ્ણનું ભજન કરે છે તે વાત લખાણી તે આ કૃષ્ણ માટે નહિ. તે કૃષ્ણ શબ્દ તે આદિકાળથી ભગવાન વાચક રીતે જ વપરાય છે તે વાત સિદ્ધ થઈ. શ્રીમદ્ ભાગવતમાં જડભરત રહુગણ રાજાને કહે છે :

षा मां स्मृतिर्भृग देहेऽपि वीर । कृष्णार्चन प्रभावनो जहाति ।।
(भागवत : ५/१२/१५)

આપણે જાણીએ છીએ કે જડભરત પૂર્વ જન્મમાં ઋષભદેવના પુત્ર હતા. તે સેંકડો વર્ષો પૂર્વે થઈ ગયા, તેમ છતાં ઉપરના શ્લોકમાં તે કૃષ્ણ ભગવાનનું પૂજન કરતા તે વાત થઈ તો આ કૃષ્ણ નામ તે ભગવાન વાચક છે તેવું સાબિત થાય છે.

પ્રહ્લાદજી સતયુગમાં થયા તે વાત તો પ્રસિદ્ધ છે. તેઓ પોતાના પિતાને કહે છે :

मतिर्न कृष्णे परतः स्वतः वा ।

(भागवत : ५/५/३०)

જે લોકો ઘરમાં આસક્ત હોય તેની મતિ કૃષ્ણમાં રહેતી નથી.

આ વાત થઈ ત્યારે સતયુગ ચાલતો હતો. ત્યારબાદ નૃસિંહ, વામન, પરશુરામ, શ્રીરામચંદ્ર અને પછી શ્રીકૃષ્ણનો અવતાર થયો હતો. આ સાબિત કરે છે કે, શ્રીકૃષ્ણ શબ્દ ભગવાન વાચક છે.

તેવી જ બીજી વાત જોઈએ તો – સતયુગમાં વામન ભગવાને બલીરાજા પાસે ત્રણ પગલા પૃથ્વી માંગી અને તેણે હાથમાં પાણી લઈ 'શ્રીકૃષ્ણાર્પણમ્...' આમ, મંત્ર બોલી પૃથ્વીને અર્પણ કરી. આ વાત સતયુગની છે અને દેવકીનંદન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય તો દ્વાપરયુગમાં થયું છે. આ વાત સાબિત કરે છે, બલીરાજાએ જે શ્રીકૃષ્ણનું નામ લીધું તે અનાદિ શ્રીકૃષ્ણ વાચક છે.

અરે ભક્તજનો આવા કેટકેટલા પુરાવાને લખીએ, જો શ્રીકૃષ્ણ ભગવાન જ સર્વોપરી હોય તો તેનું ધામ પણ સર્વોપરી હોય, અનંત હોય. પરંતુ તે વાતને બ્રહ્મવૈવર્તપુરાણે નોંધી છે :

तेषाम् परि गोलोकं नित्यमीश्वराद् द्विज ।
त्रिकोटियोजनायाम विस्तीर्णं मण्डलाकृतिः ।।

બ્રહ્મવૈવર્તપુરાણ પ્રકૃતિખંડના છઠ્ઠા શ્લોકમાં શ્રીવેદવ્યાસની કલમે લખાયું છે કે, બીજા ધામોની ઉપર ગોલોકધામ છે. તે ત્રણ કરોડ યોજનનું વિસ્તારવાળું છે.

ત્રણ કરોડ યોજન તે વિસ્તાર દૃષ્ટિથી ઘણું મોટું તો કહેવાય પણ ધામનું માપ તો નીકળ્યું જ. જ્યારે સર્વોપરીનું જે અક્ષરધામ છે, તેનું કોઈ શાસ્ત્રમાં માપ લખેલું નહિ મળે. ક્યાંથી મળે, કારણ કે સર્વોપરી ધામ તો અનંત યોજનમાં હોય, તે આંકમાં આંકી ન શકાય. જો ગોલોક ત્રણ કરોડ યોજનનું છે તો તે ધામનું માપ નીકળ્યું.

જ્યારે ભગવાન શ્રીહરિને ગઢડા મધ્ય પ્રકરણના ૪૨માં વચનામૃતમાં પ્રશ્ન પૂછ્યો કે, હે મહારાજ ! આપના (ભગવાનના) એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડ ઊડતા ફરે તે વાત સાચી. ત્યારે શ્રીજીમહારાજ સ્વયં બોલ્યા છે કે, અનંત કોટિ બ્રહ્માંડો જે ઊડતા ફરે તે તો અક્ષરધામની વાત છે. અમો તો એથી પણ પર છીએ. તેથી સદ્. નિષ્કુળાનંદ સ્વામી પણ લખે છે :

'અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ.'

તેમજ આ વાત ઉપનિષદો ને પુરાણોમાં પણ લખવામાં આવી છે :

प्रत्यकं रोमकूपेषु विश्वानी निखलानी च ।
अद्यापि तेषां संख्याश्च कृष्णो वक्तुं न हि शमः ।।६।।
संख्या चंद्रजसामस्ति विश्वानां न कदाचत् ।
ब्रह्माविष्णुशिवादिनां तथा संख्या न विद्यते ।।७।।
प्रति विश्वेषु सन्त्येव ब्रह्माविष्णुशिवादयः ।।८।।

(ब्रह्मवैवर्तपुराण प्रकृतिखंड अध्यः ३, श्लोक : ६,७,८)

અર્થ : 'જે આદિ ભગવાન છે તેના પ્રત્યેક રોમ છિદ્રમાં એટલા બધા વિશ્વો રહ્યા છે કે જેની સંખ્યા કહેવાને શ્રીકૃષ્ણ પણ શક્તિમાન નથી તેમ પ્રત્યેક રૂવાડાના છિદ્રોમાં રહેલા વિશ્વો (બ્રહ્માંડો)માં વિષ્ણુ, બ્રહ્મા, શિવની સંખ્યા પણ કહી શકાતી નથી. આ રીતે પ્રત્યેક બ્રહ્માંડ બ્રહ્માંડમાં વિષ્ણુ, બ્રહ્મા, શિવ પણ અનંત

છે.'

આ શ્લોક તો શ્રીવેદવ્યાસજી દ્વારા લખાયેલ પુરાણનો છે. તેઓ જ આ વાત કહે છે કે શ્રીકૃષ્ણ પણ જે આદિ ભગવાનના એક રોમમાં જે બ્રહ્માંડો ઊડતા ફરે છે તેની ગણતરી નથી કરી શકતા. આમ, અનાદિ અને શ્રીકૃષ્ણ બંને તત્ત્વને એક જ શ્લોકમાં ટાંકી દેવકીનંદન શ્રીકૃષ્ણ અને અનાદિ શ્રીકૃષ્ણ તેનો સ્પષ્ટ વિભાગ કર્યો છે. આજ વાત શ્રીજીમહારાજે પણ કરી છે કે :

"...જેમ આ લોકમાં કોઈક મોટો ચક્રવર્તી રાજા હોય તેનું સૂર્યના ઉદયઅસ્ત સુધી રાજ્ય હોય અને તે જ રાજા પોતાના તપને બળે કરીને દેવતાના જેવા ઐશ્વર્યને પામ્યો હોય ને સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રિલોકીના રાજ્યને કરતો હોય, જેમ અર્જુન હતા તે એને એ દેહે કરીને સ્વર્ગને વિષે ઈંદ્રાસનને ઉપર કેટલાંક વર્ષ સુધી રહ્યા તથા નહુષ રાજા પણ ઈંદ્ર થયો હતો. એવો જે પ્રતાપી રાજા તેને ઘેર જેટલાં ગામ છે તેની ગણતી થાય નહિ, એ તો અસંખ્ય છે. તથા ગામ ગામના જે પટેલ તેની પણ ગણતી નથી, અને તે ગામ ગામના અસંખ્ય પટેલ તે એના દરબારમાં અરજ કરવા આવતા હોય, તે રાજાના ધન, માલ, ભોગ, સ્થાનક, સમૃદ્ધિ તે પણ ગણતીમાં આવે નહિ. તેમ એ ભગવાન અસંખ્ય કોટિ જે બ્રહ્માંડરૂપ ગામ તેના રાજાધિરાજ છે. અને એ બ્રહ્માંડરૂપ જે ગામ તેના મુખ્ય પટેલ તો બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે. જેમ એક ગામમાં એક પટેલ મોટો હોય, તેને તે ગામની સર્વે પ્રજા તે આવીને નમે, ને આજ્ઞામાં રહે, ને તે પટેલ રાજાને નમે. તેમ બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે બ્રહ્મા, વિષ્ણુ, શિવ છે તે મોટેરા છે, ને બીજા જે બ્રહ્માંડમાં દેવ, દૈત્ય, મનુષ્ય, ઋષિ, પ્રજાપતિ તે એને ભજે છે ને આજ્ઞામાં રહે છે. ને બ્રહ્મા, વિષ્ણુ, શિવ તે ભગવાન પુરુષોત્તમને ભજે છે ને આજ્ઞામાં વર્તે છે તે એ બ્રહ્માંડ બ્રહ્માંડના જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તે ભગવાનની પ્રાર્થના કરે છે જે, 'હે મહારાજ ! કૃપા કરીને તમે અમારા બ્રહ્માંડમાં પધારો.' જેમ કોઈ ગામનો પટેલ હોય તે ચક્રવર્તી રાજા આગળ જઈને પ્રાર્થના કરે જે, 'હે મહારાજ ! હું ગરીબ છું તે તમે મારે ઘેર પધારો. મારાથી જેવી તમારી ચાકરી બની આવશે તેવી કરીશ.' તેમ બ્રહ્મા, વિષ્ણુ, શિવ તે એ ભગવાનની પ્રાર્થના કરે છે જે, 'હે મહારાજ ! તમે અમને દયા કરીને દર્શન દ્યો ને અમારા બ્રહ્માંડમાં પધારો.' ત્યારે એ જે ભગવાન તે બ્રહ્માંડમાં દેહનું ધારણ કરે છે, તે જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા દેહનું ધારણ કરે છે ને તેવી રીતે જ વર્તે છે..."

તો વ્હાલા ભક્તજનો ! વિચાર કરો... ઉપરોક્ત શ્રીજીમહારાજે પંચાળાના જ વચનામૃતમાં જેને પુરુષોત્તમ ભગવાન કહ્યાં તથા શ્રીવેદવ્યાસજીએ પુરાણમાં જેને આદિ ભગવાન કહ્યાં છે તથા શ્રીમદ્ ભાગવતે જેને આદિ શ્રીકૃષ્ણ કહ્યાં તે બીજા કોઈ નહિ, પરંતુ આપણને મળ્યા તે સાક્ષાત્ શ્રીજીમહારાજ જ છે. તે વિના બીજા કોઈ સર્વોપરી છે જ નહિ, બીજા બધા તો અવતાર પણ અવતારી તો એક ભગવાન શ્રી સ્વામિનારાયણ છે. તેથી જ શ્રીજીમહારાજ પોતે શ્રીહરિવાક્યસુધાસિંધુમાં કહે છે :

रामकृष्णादयः सर्वेऽवताराः सन्त्वो हिमे ।
पुरुषोत्तमस्य वित्तेत्येतत्सत्यं ब्रविभि वः ।।

રામકૃષ્ણાદિક બધાજ અવતારો મારા જ છે. હું જ એક પુરુષોત્તમ છું તે સત્ય કહું છું. આ વાત શ્રીજીમહારાજ સ્વમુખે કહી છે. તેથીજ નંદસંતોએ કહ્યું છે :

स्वामिनारायणात् परो देवो न भूतो न भविष्यति ।
एतद् ह्स्यं वेदानां पुराणानां च संतमः ।।

શ્રી સ્વામિનારાયણ ભગવાન છે તે કેવા છે તો ભૂતકાળમાં ક્યારેય આવ્યા નથી અને ભવિષ્યકાળમાં ક્યારેય આવશે નહિ. આ સર્વે દેવો, પુરાણો તથા સંતોનું રહસ્ય છે.

ભક્તો ! સર્વોપરી વિષે કેટકેટલું લખીએ. અરે ! સદ્. ગોપાળાનંદ સ્વામી તથા સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતો જોઈએ તો એક એક વાતે શ્રીજીમહારાજ સર્વોપરી બતાવે છે. માટે ભક્તો એક વિનંતિ કરું તો જીવનમાં ક્યારેય મહારાજને ભલા થઈ બીજા અવતાર જેવા ન સમજવા. તેમજ કોઈ મહારાજને બીજા અવતાર જેવા કહે તો તેવાનો સંગ ક્યારેય ન કરતા અને એવાનો સંગ હોય તો તે સંગનો તત્કાળ ત્યાગ કરી દેજ્યો. અરે ! હું તો ત્યાં સુધી કહું છું કે એકવાર તો શ્રીજીમહારાજને સર્વાવતારી, સર્વોપરી જેવા છે તેવા જાણીને તેમનું ભજન કરીને પછી અનુભવ તો કરો... અંતઃશત્રુ ટાળવા નહિ પડે ટળી જશે. દરેક પ્રકારની વાસના નિર્મુળ થઈ જશે, હૃદયમાં એવી તો મસ્તાની આવશે કે સતત કેફ વર્તશે કે હું કોનો આશ્રિત ? કોણ મારા ઈષ્ટદેવ ? અરે ! મન પણ એક ભૂંડો સંકલ્પ સુધા નહિ કરે. તમારે અખંડ ભજન નહિ કરવું હોયને તો પણ જીવમાંથી અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામના ભજનનો ધોધ છુટશે. અંતરમાં તો એવા સુખના ફુવારા છુટશે કે તમને એમ થશે કે જાણે છતે દેહે અક્ષરધામનું સુખ મને મળ્યું છે. માટે ભક્તો કોઈની વાતમાં કે મનના માનેલ સર્વે ઠેરાવોને પડતાં મેલો, આ સત્સંગ સમુદ્ર છે સમુદ્ર. જેમ સમુદ્રના કાંઠે કાંઠે ફરો તો છિપલા, ઘુઘા, મરી ગયેલા માછલાં વગેરે મળે. પરંતુ જો ડુબકી લગાવો તો તે જ સમુદ્રના તળીયેથી રતન, સાચા મોતી મળે, પરંતુ મોતી મેળવવા મરજીવા થાવું પડે છે. જો ખાલી ખાલી છલકવું હોય તો અધુરાં ઘડાનું પાણી થવું પડે છે. પરંતુ આજે મરજીવાઓ પણ મોતી જેટલા મોંઘા બન્યા છે. અને અધુરીયાઓ તો છાપાના પાને પાને છલકાય છે. કિનારાના છિપલામાં જે રમે તેને જીવડા કહેવાય, ઊંડાણના મોતી માટે મરી પડવા તૈયાર થાય તેને મરજીવા કહેવાય. મારે શુ થાવું ? છિપલાનું જીવડું કે મરજીવા તુલ્ય સર્વોપરી ઉપાસક...!!!

જેણે સાચા ઉપાસક બની મહારાજને રાજી કરવા હોય તો જેમ જગતના જીવો નઠારી વસ્તુને અંતરમાં ઠસાવવાના અનેક ઉપાયો કરે છે, તેમ આપણે પણ સર્વોપરી અને સર્વકારણના કારણ એવા આપણા મહારાજને અંતરમાં ઠસાવીને બીજા અનેકોના હૃદયમાં એ શ્રીજીમહારાજનું સર્વોપરી સ્વરૂપ ઠરાવી દઈ ભગવાન શ્રીહરિના વધુને વધુ વ્હાલા ભક્ત બનીએ.

અસ્તુ...

સર્વે સર્વોપરી વ્હાલા ઉપાસકોને જય શ્રી સ્વામિનારાયણ....





સાધુ અમૃતસ્વરૂપદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
(સરધાર)

# ભગવાન શ્રીહરિનું સરધારમાં ચાતુર્માસ રોકાણ....સં.૧૮૭૧

**ગંતાકથી ચાલું....**

**બીજેદિને પાક ભલા બનાવી, જમ્યા સહુ શ્રીહરિને ધરાવી ॥''**

આ રીતે શ્રીહરિએ અર્થના અનર્થનું સ્પષ્ટ નિરૂપણ કર્યું. સૌ આ અનર્થના વિચાર કરતા ઉભા થયા. બીજે દિવસે રાજાએ રસોઈ કરાવીને શ્રીહરિને તથા સંતો-હરિભક્તોને ખૂબ ભાવથી જમાડી તૃપ્ત કર્યા. પછી શ્રીહરિએ પણ સૌને પોતપોતાના દેશમાં જવા આજ્ઞા આપી.

**★ ખટ્વાંગ રાજા દ્વારા શ્રીહરિને કારીયાણી પધારવા વિનંતી**

આ વખતે જન્માષ્ટમીના ઉત્સવમાં આવેલા કારીયાણીના ખટ્વાંગ રાજા, માંચાખાચરે શ્રીહરિને પ્રાર્થના કરી : ''પ્રભુ ! આપને મારી એક વિનંતી છે. આપ, સોરઠ દેશના હરિભક્તોને વિશેષ લાભ આપો છો. અમારા પાંચાળ દેશમાં પણ સૌને આપનાં દર્શન, સેવા-સમાગમનો લાભ મળે એવી અમારી વિનંતી સ્વીકારવા કૃપા કરો.''

''રામાનંદજીના શિષ્યો પ્યારા, વળી સારા છો અમારા ।
રામાનંદજી તમારા ઘેર, પધાર્યા હતા ઉત્તમપેર ॥
અમે પણ આવશું એ જ રીતે, તમે નિશ્ચય રાખજો ચિત્તે ।
સરધારના ભક્તોને અમે, એવું વચન આપ્યું એક સમે ॥
ચાલતે વર્ષ ચાતુરમાસ, વસશું સરધારમાં વાસ ।
મારું વેણ મિથ્યા કેમથાય, ચોમાસામાં ન ક્યાંઈ જવાય ॥
પ્રબોધની કરીને આ ઠામ, પછી આવશું આપને ગામ ।
કહી એવું ને કીધા વિદાય, સરધાર રહ્યા હરિરાય ॥''

શ્રીહરિ તેમનો ભાવ જાણતા હતા. માર્ગીપંથમાં હતા છતાં નિષ્કામધર્મ દૃઢ પાળતા હતા. અર્થના દોષમાં પણ લેપાયા ન હતા. શ્રીહરિએ તેમને કહ્યું : ''અમોએ અહીં પ્રબોધની એકાદશી સુધી રોકાવાનું અહીંના ભક્તોને વચન આપ્યું છે તે મિથ્યા નહિ થાય. પછી તમારે ત્યાં જરૂર આવશું. તેમાં કોઈ સંશય નથી. હાલ તો તમે તમારે ગામજાઓ અને મુમુક્ષુઓને સત્સંગની વાત કરો''

શ્રીહરિએ આમંત્રણ સ્વીકાર્યું તેથી માંચાખાચર અત્યંત રાજી થયા. શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરી પોતે સરધારથી કારીયાણી જવા નીકળ્યા. બીજે દિવસે (એકાદશીના દિવસે) માર્ગમાં આવેલા ગઢપુર પહોંચ્યા. ત્યાં રાત પડી ગઈ. અહીં બાપુ એભલખાચરના દરબારમાં તેઓ સીધા આવ્યા. આખી રાત્રિ બેસીને માંચાખાચરે ગઢપુરના રાજા એભલખાચરને ભગવાનનો દૃઢ નિશ્ચય કરાવ્યો અને કહ્યું : ''હમણાં તો તે ભગવાન પ્રબોધની સુધી સરધારમાં રોકાશે. પછી કારીયાણી આવશે ત્યારે હું તમને ખબર કહેવરાવીશ. ત્યારે તમે જરૂર આવજો.'' માંચાખાચરે બાપુ એભલખાચરની જિજ્ઞાસા સંતોષી. બાપુને આનંદ થયો કે પ્રભુના દર્શન થોડા વખતમાં કારિયાણીમાં થશે !

**★ સરધારમાં કરેલ, સરોવરમાં જલઝીલણી ઉત્સવ અને એક દિવ્ય લીલા**

શ્રીહરિ સરધારમાં ચાતુર્માસ રોકાણ દરમ્યાન રોજબરોજ અનેકવિધ નિત્ય નવી લીલા કરે છે. તેમાં ભાદરવા સુદ - એકાદશીને દિવસે શ્રીહરિ સર્વે સંતો-હરિભક્તો સાથે સરોવરમાં ઠાકોરજીને જળ ઝીલાવા માટે ધામધૂમથી નીકળ્યા. ઠાકોરજીને પાલખીમાં પધરાવ્યા હતા. સાથે ગણપતિની મૂર્તિ પણ હતી. સરોવરના કિનારે ઠાકોરજીને જળ ઝીલાવવા માટે ત્યાં સંતોએ તથા રાજા તોંગાભાઈ આદિકે અગાઉથી બધી તૈયારીઓ કરી રાખી હતી. મહારાજ ઠાકોરજી તથા ગણપતિ સાથે દરબારમાંથી ઢોલ, ત્રાંસા અને શરણાઈઓનો ધ્વનિ થતો હતો. ગામોગામથી આવેલી ભજન-મંડળીઓ પણ ભજનના સૂર રેલાવતી હતી. પુરવાસીઓ આ દિવ્ય દર્શન માટે આતુર બની બજારમાં બંને બાજુએ ઊભા હતા. કેટલાક તેમનાં મકાનોના ઝરૂખાઓમાં, તો કેટલાક અટારીઓમાં પણ ઊભા હતા. મહારાજની સવારી નીકળી અને સૌ

અતૃપ્ત નયને દર્શન કરવા લાગ્યા. એ અમૃતને આંખોમાં ભરી દેવા સૌ સવારી સાથે સરોવરે ગયા.

બાંધેલા ઘાટ પાસે પાણી ઊંડુ હતું. સંતોએ તેમાં એક નાની હોડી તૈયાર રાખી હતી. ઠાકોરજીને તથા ગણપતિને તે હોડીમાં પધરાવ્યા. પાંચ આરતી કરી. ગણપતિને સરોવરમાં પધરાવ્યા. લાલજીની મૂર્તિને સ્વચ્છ વસ્ત્રથી લૂછી વાઘા પહેરાવ્યા. મહારાજે પણ સરોવરમાં સ્નાન કર્યું. શરીર લૂછી, સફેદ વસ્ત્રો પહેરી મહારાજ બિરાજ્યા હતા.

પછી મહારાજે એક દિવ્ય લીલા કરી. એક ચોફાળ મંગાવ્યો. તે સરોવરમાં પાથરી તેના ઉપર બેસી શ્રીહરિ તળાવની મધ્યે એક ટેકરી હતી તે જગ્યાએ ગયા. ત્યાં થોડી વાર સુધી બેસી પાછા સરોવરના કિનારે આવીને સભા કરી. આ દિવ્ય અને અદ્‌ભૂત લીલા જોઈને ગામના લોકોને અતિશય આશ્ચર્ય થયું. અને મહારાજને ભગવાન જાણી આશ્રિતો થયા.

**★ વિજયાદશમી (દશેરા)નો ઉત્સવ**

ભાદરવા સુદ વામન દ્વાદશીનો ઉત્સવ પણ શ્રીહરિએ સરધારમાં કર્યો. ત્યારબાદ અમાસને દિવસે ધર્મપિતાનું શ્રાદ્ધ પોતે કર્યું. વિપ્રોને જમાડીને તૃપ્ત કર્યા.

પછી શ્રીહરિએ નવરાત્રિનું રહસ્ય ભક્તજનોને સમજાવ્યું. વિજયા દશમીને દિવસે મહારાજે સુંદર વસ્ત્રો તથા સુવર્ણના અલંકાર ધારણ કર્યા અને સરધારના રાજા તોંગાભાઈ, વેરાભાઈ વગેરે ભક્તો સાથે મહારાજ વાજતે-ગાજતે શમીપૂજન કરવા, સરધારની પશ્ચિમદિશામાં જ્યાં ખીજડાનું વૃક્ષ હતું ત્યાં પધાર્યા.

શ્રીહરિએ વિધિપૂર્વક શમી વૃક્ષનું પૂજન કર્યું અને ભક્તો પાસે પણ પૂજન કરાવ્યું. મહારાજે કહ્યું : ‘‘વૃક્ષનું પૂજન એટલા માટે કરવાનું છે કે તેના પ્રત્યે પૂજ્યભાવ થાય અને તેની અવગણના કદી થાય નહીં. વૃક્ષોથી પ્રકૃતિનું સૌંદર્ય વધે છે, ઋતુઓનું નિયમન થાય છે અને મનુષ્યોને ફળ, ફૂલ અને આશ્રય મળે છે. ધરતીનો રસકસ વૃક્ષોમાં આવે છે, તેમાં સચવાય છે અને તેથી ધરતીને પણ પોષણ મળે છે.’’

પછી શ્રીહરિ તથા સંતો-હરિભક્તો માટે રાજાએ સાટા, જલેબી, ખાજા વગેરે સુંદર રસોઈ તૈયાર કરાવી હતી તે શ્રીહરિ જમ્યા. ત્યારબાદ સંતો-ભક્તોને મહારાજે પીરસીને તૃપ્ત કર્યા.

**★ શરદપૂનમનો ઉત્સવ**

શરદપૂનમના દિવસે દરબારગઢમાં સાંજે સભા કરી. પછી સંતોને રાસોત્સવ કરવા માટે તૈયાર કર્યા. મુક્તાનંદ સ્વામી આદિક સંતોએ પગે ઘુઘરા બાંધ્યા હતા. જે સંતો કુંડાળાની વચ્ચે બેઠા હતા તેમણે દુક્કડ, સરોદ, પખવાજ, સિતાર, શરણાઈ, ઝાંઝ, સારંગી, મંજિરા આદિક અનેક પ્રકારનાં વાજિંત્રો લીધાં હતા. ઢોલ ઉપર દાંડી પડી એટલે સંતોના પહાડી સૂર સાથે વાજિંત્રોના નાદથી મિલાવટ થઈ ગઈ ! સંતોએ પગમાં પહેરેલા ઘૂઘરાના અવાજ પગના ઠેકા સાથે આ સૂરમાં સુરમ્ય બની ગયા. કરતાલના નાદે પણ સૂરો સાથે ઠાવકી મહોબત જમાવી દીધી. સંતો-ભક્તો પોતપોતાના કુંડાળામાં ઘૂમવા લાગ્યા. સંતો-ભક્તોનો દિવ્ય આનંદ મહારાજે જોયો. તેમની મસ્તી જોઈ, પોતાનું દેહભાન ભૂલીને કેવળ પોતાના ઉપાસ્ય સ્વરૂપની ભક્તિમાં જ તેમને સૌને તલ્લીન બની ગયેલા જોઈ, મહારાજ એકદમમંચ ઉપરથી ઊઠ્યા અને સંતો-ભક્તો સાથે રાસમાં ફરવા લાગ્યા.

આમ, એક રાસ પૂરો થાય અને ઠાકોરજીની આરતી ઉતારે. પાંચ આરતી ઉતારીને ઠાકોરજીને દૂધ-પૌંઆ-સાકર ધરાવ્યા. પછી પોતે બધા સંત-હરિભક્તોને વહેંચ્યા. મહારાજ માટે તૈયાર કરેલા દૂધ-પૌંઆ મુકુંદ બ્રહ્મચારી લાવ્યા. મહારાજ તે જમ્યા. પછી સહુ કોઈ પોઢી ગયા.

**★ દિપોત્સવ (દિવાળી)**

‘‘રહ્યા સરધારમાં નરભ્રાત, એક સઠચાની દસરા દિવાળી ।
કર્યા ઉત્સવ ત્યાં વનમાળી, અન્નકૂટ કર્યો મુદ લાવી ॥’’

શ્રીહરિ સરધારમાં રહેતા થકા નિત્ય નવા ઉત્સવો કરે છે. જાણે ઉત્સવની પરંપરા ચાલુ કરી. ધનતેરશને દિવસે વહેલી સવારે મહારાજે ગાયોનું પૂજન કર્યું. પછી દિપોત્સવ તથા અન્નકૂટોત્સવ સરધારમાં કરવાના હતા. તેથી આજુબાજુનાં ગામોમાંથી હરિભક્તો સરધાર આવ્યા હતા. મહારાજે દિવાળીને દિવસે રાજા તોંગાભાઈ આદિક ભક્તોના મનોરથ પૂરા કરવા સોનેરી વસ્ત્રો તથા સુવર્ણના અલંકારો ધારણ કર્યા. પછી જ્યાં દીપમાળા ગોઠવી હતી ત્યાં આવી સિંહાસનમાં બિરાજ્યા. આરતી, ધૂન બાદ સંતોએ દિવાળીના પદો ગાવા લાગ્યા.

‘‘સખી હૈડે તે હરખ ન માય, આજ દિવાળી રે,
હું તો મગન થઈ મનમાંય, ભૂધર ભાળી રે.
હું તો હરખભરી મનમાંય, હરિને વધાવું રે,
સખી અહોનિશ બારે માસ, રહેજો આવું આવું રે.’’

સંતોએ મધ્યરાત્રી સુધી વિધવિધ પદો ગાયાં અને સૌના અંતરમાં શ્રીહરિની મૂર્તિના દીપ પ્રગટાવી દીધા.

**★ અન્નકૂટોત્સવ**

બીજે દિવસે સવારે સરોવરમાં સ્નાનવિધિ કરી મહારાજ રાજાના દરબારમાં પધાર્યા. અન્નકૂટોત્સવ હોવાથી આજે પણ સુવર્ણના તારનાં વસ્ત્રો અને આભૂષણો ધારણ કર્યા. લાડકીબાઈ, અગરબાઈ, પ્રેમબાઈ અને કડવીબાઈ વગેરે સ્ત્રીભક્તો તથા દેવરામ, રૈયો, વશરામઆદિક બ્રાહ્મણોએ અન્નકૂટની બધી વાનગીઓ બનાવવામાં સેવા કરી હતી. અન્નકૂટની સામગ્રી બધી તૈયાર હતી. અન્નકૂટની તમામવાનગીઓ ઠાકોરજીની સમક્ષ સંતોએ, વર્ણીઓએ, અન્ય બ્રાહ્મણ હરિભક્તોએ સુંદર કલાત્મક રીતે ગોઠવી દીધી. મહારાજ તે ગોઠવણી જોઈ પ્રસન્ન થયા.

પછી શ્રીહરિએ અન્નકૂટની આરતી ઉતારી. સંતોએ અન્નકૂટ ઉત્સવના પદોનું ભાવથી વાજિંત્ર સહિત ગાન કર્યું. શ્રીહરિએ બપોરે સંતો-હરિભક્તોને અન્નકૂટનો પ્રસાદ જમાડી તૃપ્ત કર્યા.

**★ પ્રબોધનીનો ઉત્સવ**


અનુસંધાન પાન નં. ૨૦

# TILAK CHANDLO & KANTHI


by : Satish Patel (Malataj), Somerset, New Jersey (U.S.A.)

"My disciples who are twice born and have been initiated by one of the Acharyas shall wear a KANTHI(double strand rosary of Tulsi beads) around their neck. They shall also put on a TILAK CHANDLO on their forehead, chest and both arms."

In this shlok, Lord Shree Swaminaryan tells his devotees to first become initiated into the Swaminarayan Sampraday by obtaining the Guru Mantra. After being initiated you are religiously bound to wear the Kanthi around your neck. You should always wear the kanthi. Those who do not wear the kanthi have to suffer in the fire of hell as the kanthi has the power to purify any impure food that is accidentally consumed. For those who do not wear the kanthi, their food is like meat and the water they drink is like liquor. The kanthi should be offered to Lord Shree Swaminarayan and if possible be blessed by Acharya Maharaj. The kanthi symbolizes the bond between Lord Shree Krishna and Radhikaji. The kanthi has two rows of Tulsi beads in order to represent this close relationship. The physical presence of the kanthi makes a devotee aware of his/her bond with Lord Shree Swaminarayan and a constant reminder for following the Lord's instructions. The Kanthi must reach down to your heart so that it can reach the soul where Lord Shree Swaminarayan resides. It also attracts Lord Shree Swaminarayan to live within us and therefore wearing the kanthi pleases him. Those devotees who put on a kanthi which has not been given by the Acharyas are not called true devotees and the kanthi they put on will be of no use. A person who does pooja or goes to the mandir(temple) without wearing a kanthi gains nothing. Those who wear the kanthi while doing bhakti are the ones who receive great rewards.



The man devotees are also instructed to do TILAK CHANDLO on their forehead. The tilak chandlo should be done with gopichandan or sandle paste and kumkum. The tilak chandlo needs to be done on the forehead, chest, and both upper arms. This is to call the strengths of Lord Shree Swaminarayan with in us. Those who do this reap rewards in their afterlife. Those who do not do the tilak chandlo are not successful in their tasks because the strengths of Lord Shree Swaminarayan is not in their body. The female devotees only have to do kumkum chandlo on their forehead. Females who are widows do not have to put a chandlo at all.



All devotees of Lord Shree Swaminarayan who wear a kanthi and do a tilak chandlo have nothing to fear as even Yamdoots are instructed not to touch anybody who bears these marks.

JAI SHREE SWAMINARAYAN

**(SHIKSHAPATRI SHLOK 41)**

પ્રકરણ - ૫

જેમને ભગવાન શ્રી સ્વામિનારાયણે બે વાર દિવ્ય દર્શન દઈને
આ ગ્રંથ રચવાની આજ્ઞા કરી છે એવા ભૂજ મંદિરના સ.ગુ. સ્વામી શ્રી નંદકિશોરદાસજી રચિત

# આત્યંતિક કલ્યાણ

## અભયદાન

અભયદાન કોણ આપી શકે ? જે કાળ, કર્મ ને માયાના ભયથકી રહિત હોય એવા પરબ્રહ્મ પરમાત્મા અને જે એવા ભયરહિત પરમાત્માની ઉપાસના-ભક્તિ કરતાં કરતાં અથવા કરીને ભયરહિત થયા હોય એવા એમના એકાંતિક ભક્તો-મુક્તો. એ સિવાય બીજું કોઈ જીવોને અભયદાન આપી શકે નહિ. કાળ, કર્મ ને માયા-એ પરમાત્માની શક્તિ છે. પરમાત્મા તો એ શક્તિઓના નિયંતા છે-એ ત્રણે શક્તિ એમને અધીન છે. પરમાત્માનું ચરણકમળ અભય છે. ( તેઽઙ્ઘ્રિમભયમ્ )[૧] અને એમનાથી તો ભય પણ સ્વયં ભય પામે છે ( યદ્ બિભેતિ સ્વયં ભયમ્ ).[૨] એક વખતે શ્રી સ્વામિનારાયણ ભગવાને ગઢડામાં ચાતુર્માસ કરી રહ્યા પછી સંતોને પૂછ્યું : 'સર્વ દાનમાં અધિક દાન કયું છે ?' સંતોએ જવાબ આપ્યો : 'સર્વ દન કરતાં અભયદાન અધિક છે અને તે દાન તમારાથી જ આપી શકાય તેમછે.' તે સાંભળી શ્રી સ્વામિનારાયણ ભગવાન અભયદાન આપવા ગઢડા (કાઠિયાવાડ : સૌરાષ્ટ્ર)થી ગુજરાતમાં પધાર્યા. આ પ્રસંગ અનાદિમુક્ત સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ કાવ્યમાં આમઉતાર્યો છે :-

"રહ્યા ગઢડે ચાતુર્માસ, પછી એમબોલ્યા અવિનાશ :
કોઈ નર આપે અન્ન-ધન, કોઈ વસુધા-વારિ-વસન.
કોઈ આપે ગજ-+બાજ-ગાય, બીજાં બહુ દાન જે કહેવાય.
સર્વે દાનમાં અધિક જેહ, સહુ મળી વળી શોધો તેહ.
વળતા બોલિયા સંત સુજાણ, સાંભળો મારા જીવનપ્રાણ;
અભયદાન અધિક સહુથી, એની બરોબર બીજું નથી.
તે તો દાન તમથી દેવાય, તમને નીરખે તે નિર્ભય થાય.
એવી સાંભળી સંતની વાત, વાલો કહે, 'ચાલો ગુજરાત'.."

+બાજ=વાજ=ઘોડો

શ્રીસ્વામિનારાયણ ભગવાન અભયદાન આપી પાછા ગઢડા પધાર્યા તે પ્રસંગ પણ અ. મુ. સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ કાવ્યમાં આમવણી લીધેલ છે :-

**"પોતે ગયા ગઢડે મહારાજ, કરી અનેક જીવનાં કાજ.**
**દશ-સ્પર્શ કર્યા જે જે જને, તે ન જાય ★કૃતાંતભુવને.**
**એવું આવ્યા અભયદાન દઈ, જે સમાન બીજું દાન નહિ.**
**એવો કર્યો મોટો ઉપકાર, જેમાં અનેક જીવનો ઉદ્ધાર."[૩]**

જુઓ, એ બધા સંતો શ્રીસ્વામિનારાયણ ભગવાન સાથે અક્ષરધામમાંથી અનંત જીવોનો ઉદ્ધાર કરવા-અનેક જીવોને અભયદાન આપવા આવ્યા હતા તેમછતાં આમવિનયવચન કહ્યાં :-

**"અભયદાન અધિક સહુથી, એની બરોબર બીજું નથી;**
**તે તો દાન તમથી દેવાય, તમને નીરખે તે નિર્ભય થાય."**

એનું કારણ શું ? એ સંતો યથાર્થ સમજતા હતા કે 'મનુષ્યરૂપ ધારણ કરી પોતાની સમક્ષ વિચરતા શ્રી સહજાનંદ સ્વામી, જે રામકૃષ્ણાદિ સર્વ અવતારના કારણ હતા-સર્વોપરી હતા અને અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા-અનેકને અભયદાન આપવા નૃનાટ્ય ધારણ કરી આ લોકમાં પ્રાદુર્ભાવ પામ્યા હતા, તે પરબ્રહ્મ પરમાત્મા અભયદાન આપવા સ્વતઃ સમર્થ હતા, જ્યારે એમનામાં (સંતોમાં) અભયદાન આપવાનું સામર્થ્ય હતું તે એમની કૃપાનું ફળ હતું-એ અભય સ્વરૂપના સંબંધથી એમનામાં (સંતોમાં) અન્યનાં કલ્યાણ કરવાનું સામર્થ્ય આવ્યું હતુ. તે અનાદિમુક્ત સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે :-

**"જેમચંદનવાસે વૃક્ષ બીજાં ચંદન સરિખાં થાય છે;**
**તેમશ્રીહરિના સંબંધથી સંત કલ્યાણકારી કહેવાય છે."[૪]**

'સંતો' સંતપતિ એવા પરમાત્માની આજ્ઞાથી જ્યારે 'અભયદાન' આપવાનું કાર્ય કરતા હોય ત્યારે એમનામાં રહીને સાક્ષાત્ પરમાત્મા જ સર્વ ક્રિયા કરે છે એમસમજવું. તે કાર્ય માટે સંતોને પરમાત્માની મૂર્તિ કહેલી છે-પરમાત્મા ને એવા સંતોનું અભેદપણે વર્ણન કરવામાં આવ્યું છે. તે કહ્યું છે :-

**"સર્વે રીતે સંતમાં રહું છું રે, એમાં રહી ઉપદેશ દઉં છું રે;**
**સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભૂલે-હું યે ન ભૂલું રે;**
**સંત વાત ભેળી કરું વાત રે, એમસંતમાં છઉં સાક્ષાત રે;**
**સંત જુએ તે ભેળો હું જોઉં રે, સંત સૂતા પછી હું સૂઉં રે;**
**સંત જાગે તે ભેળો હું જાગું રે; સંત જોઈ અતિ અનુરાગું રે;**
**સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે કેડ્યે હું ભમું રે;**
**સંત દુઃખાણે હું દુઃખાણો રે, એહ વાત સત્ય જન જાણો રે.**
**સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે;**
**સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે."[૫]**

અક્ષરાધિપતિ, પૂર્ણપુરુષોત્તમ, શ્રીસ્વામિનારાયણ ભગવાન દિવ્ય અક્ષરધામમાંથી પોતાના અનાદિમુક્તો સાથે

(૧) શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધ અધ્યાય ૯ શ્લોક ૬
(૨) શ્રીમદ્ ભાગવત પ્રથમસ્કંધ અધ્યાય ૧ શ્લોક ૧૪
(૩) ભક્તચિંતામણિ પ્રકરણ ૮૩
(૪) નિષ્કુળાનંદ કાવ્ય સારસિદ્ધિ કડવું ૩૯
(૫) નિષ્કુળાનંદકાવ્ય પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૪૧

આ પૃથ્વી ઉપર અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા પધાર્યા-અયોધ્યા પાસે છપૈયા ગામમાં વિક્રમસંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ નોમના પરમપવિત્ર દિવસે પિતા ધ્રૂમદેવ અને માતા ભક્તિદેવીથી પ્રાદુર્ભાવ પામ્યા. સંવત ૧૮૪૯ના અષાડ સુદ દસમના દિવસે તીવ્ર વૈરાગ્ય પામી તેમણે ગૃહત્યાગ કર્યો. સંવત ૧૮૫૬ના શ્રાવણ વદ છઠને દિવસે તીર્થોમાં પ્રવેશ પામેલા અધર્મનો ઉચ્છેદ કરી, સોરઠ દેશમાં માંગરોળ બંદરથી બે-ત્રણ ગાઉ દૂર આવેલા લોજ ગામે આવી પોતાના મુક્તો-સંતો, જે અક્ષરધામમાંથી સાથે આવેલા હતા, તેમનું સ્મરણ કર્યું. મુક્તોનું સ્મરણ કરતાં જ- તેમને સંભારતાં જ તે સર્વે નદીઓ સમુદ્રને પ્રાપ્ત થાય તેમશ્રીસ્વામિનારાયણ ભગવાનને આવીને મળ્યા. મુક્તોએ સ્મરણ કરવાનું કારણ પૂછ્યું; પરમાત્માએ 'અભયદાન'નો સંદેશો સંભળાવ્યો. તે કહ્યું છે :-

**"પછી મુનિ કહે, મહારાજ રે, જેમકો' તેમ કરીએ આજ રે;**
**ત્યારે નાથ કે', તારવા જંત રે, દૈદેશ ફરો બુદ્ધિમંત રે.**
**અહિંસાદિક નિયમપળાવો રે; જન્મ-મરણનાં ખાતાં વળાવો રે;**
**વળી અન્ન-જળ દેશે જે અમને રે, તે સહુ પ્રાણી પામશે અમને રે.**
**દર્શ-સ્પર્શ કરી પડશે પાય રે, તેની જરૂર કરીશ હું સા'ય રે.**
**તમારા ને મારા જે મળેલ રે, તેને થાશે કહું બહુ સે'લ રે."[1]**

તે સાંભળી, સંતોએ 'અભયદાન' કેવી રીતે આપવું તથા તેમણે કેવી 'રીત' રાખવી અને મુમુક્ષુઓને કેવા પ્રકારનો ઉપદેશ આપવો એ વગેરે વિષયમો પરમાત્માની દોરવણી માગી. પરમાત્માએ માર્ગદર્શન આપતાં જણાવ્યું :-

**"રે'જો પંચવ્રત પ્રમાણ રે, ધારી વિચારી સહુ સુજાણ રે.**

— — —

**અષ્ટ પ્રકારે તજવી નારી રે, તેમધન તજવું વિચારી રે.**
**સહુ જાણજ્યો જન એમપંડે રે, ધન-ત્રિયા બે નથી બ્રહ્માંડે રે.**
**એમનક્કી કરી નિરધાર રે, ફરો પરહિતે પૃથિવી મોઝાર રે.**
**અંગે રાખજ્યો અંબર એટલાં રે-શીત, ઉષ્ણ ન પીડે તેટલા રે.**
**કંથા, કૌપીન ને કટિપટ રે- એટલાં તો રાખજ્યો અમટ રે.**
**તે પણ જાચીને જીરણ લેજ્યો રે, એવી રીત્યે સહુ મુનિ રે'જ્યો રે,**
**અન્ન માગીને જમજ્યો મધ્યાહ્ને રે, રસે રહિત-સહિત જળપાન રે.**
**સર્વે મેળવી ભેળું તે કરી રે, જમ જ્યો એક વાર ભાવ ભરી રે.**
**એમરહી સહુ મુનિરાય રે, ફરજો દેશ-પરદેશની માંય રે.**
**કરજ્યો પુરુષ આગળ વાત રે, જેમછે તેમવળી સાક્ષાત રે.**
**જ્યારે નિ'મધારે જાણો જન રે, કે'જો કરે પ્રકટ ભજન રે,**
**ધરે પ્રકટ પ્રભુનું ધ્યાન રે, જેવા ભૂમિએ છે ભગવાન રે.**

— — —

**વળી અન્ન-જળ તમને દેશે રે, આપી અંબર અક્ષરધર લેશે રે;**
**જેહ ધામના અમે રે'નાર રે, લઈ જાશું તે ધામમોઝાર રે.**
**નથી જોવી જીવની કરણી રે, રીત આ વારની દોષહરણી રે;**
**જ્યારે ભરવું હોય મોટું વા'ણ રે, વો'રે શાલ-દાળ લોહ-પાષાણ રે;**
**જેવો માલ મળે તેવો વો'રે રે, તો યે ઠાલું છે કહી બકોરે રે.**
**એવો આજ મોટો છે અવતાર રે, બહુ જીવ કરવા ભવપાર રે.**
**તે તો સર્વે જાણો છો તમે જન રે, સમજી રહો મનમાં મગન રે.**
**નિર્ભય નિઃશંક થૈ સહુ રે'જો રે, વાતો પ્રગલ્ભ મન કરી કે'જો રે."[2]**

પ્રકટ પ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની દોરવણી મળતાં "જેમહાલ્યાં હૂંડિયાં વા'ણ" તેમઅનંત જીવોને ભવપાર કરવા સંતો દેશાંતરમાં ખૂણેખાંચરે ફરી વળ્યા ને દાંડી પિટાવી તેમણે પ્રસિદ્ધ કર્યું :-

**"જેને જોઈએ તે આવો મોક્ષ માગવારે લોલ."[13]**

(૧) નિષ્કુળાનંદકાવ્ય પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૮ (૨) પ્રેમાનંદકાવ્ય પદ ૭૪૩

**અનુસંધાન પાન નં. ૧૭નું**

કાર્તિક સુદી એકાદશીને દિવસે પ્રબોધનીનો ઉત્સવ અને શ્રીહરિના પિતાશ્રી ધર્મદેવનો જન્મોત્સવ કરવા માટે હરિભક્તોના સંઘ આવ્યા. આજે સૌએ પ્રબોધની એકાદશીનો ઉપવાસ કર્યો હતો.

શ્રીહરિએ દરબારમાં સભા કરી. સભામાં શ્રીહરિ કહે : "આજે ધર્મદેવનો જન્મદિવસ છે. ધર્મના અમે પુત્ર એટલે ધર્મ અમને વહાલાં અને ધર્મને અમે વહાલા. ધર્મથી જગતની સ્થિતિ રહી છે. અધર્મમાં તેનો નાશ રહ્યો છે, અમારો જન્મપણ ધર્મ પ્રવર્તાવવા માટે જ થયો છે. ભક્તિએ સહિત ધર્મ એ જ ભાગવત ધર્મ!" પછી હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. અને સંતોએ ધર્મદેવના જન્મોત્સવના કીર્તનોનું ગાન કર્યું.

**★ સરધારથી વિદાય અને કારિયાણી આગમન**

શ્રીહરિએ સરધારમાં ચાતુર્માસ રોકાણ દરમ્યાન રથયાત્રા, દેવપોઢણી, ગુરુપૂર્ણિમા, જન્માષ્ટમી, જલઝીલણી, દશેરા, દિવાળી, અન્નકૂટ, પ્રબોધની વગેરે ઉત્સવો ધામધૂમથી કર્યા. અને અનેક અવનવી લીલાઓ કરી ચાર માસ સંતો-હરિભક્તોને દિવ્ય સુખ આપ્યું. દેશો-દેશથી સંતો-હરિભક્તો પધારીને અલૌકિક લાભ લીધો. સરધારના ભક્તજનોએ પણ મહારાજની સેવા કરીને રાજી કર્યા.

કારિયાણીના ખટ્વાંગ રાજા (માંચાખાચર)ની વિનંતીથી કાર્તિક સુદ બારસને દિવસે સરધારથી કારિયાણી જવા તૈયાર થયા. ગામના રાજા તોંગાભાઈ આદિક ભક્તજનો મહારાજને ભાગોળ સુધી વળાવવા આવ્યા. શ્રીહરિ સરધારથી વિદાય લઈ કારિયાણી પધાર્યા.

:- સંશોધક -:
સ્વામી આનંદસ્વરૂપદાસજી
(વેદાંતાચાર્ય) સરધાર

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં પ્રવર્તાવેલ સંતોના પંચવર્તમાન એટલે

# ધર્મામૃત

(૧) નિર્લોભ (૨) નિષ્કામ (૩) નિઃસ્વાદ (૪) નિઃસ્નેહ (૫) નિર્માન તથા એકાંતિક ધર્મ

## અધ્યાય : ૪ - નિઃસ્નેહ વર્તમાન

શ્રીહરિએ સ્નેહના દોષો અને તેના જયના ઉપાયોનું વર્ણન કરેલું છે.

શ્રી નારાયણ મુનિ બોલ્યા : હે મુને ! શ્રી વાસુદેવ ભગવાન અને તેમના એકાંતિક ભક્તો વિના બીજા કોઈ પદાર્થ માત્રમાં સ્નેહ થાય તે ઘણા દોષોની એક ખાણરૂપ મહાશત્રુ છે જ. (૧) જેણે ગૃહસ્થાશ્રમત્યાગ કર્યો છે, એવા ત્યાગીઓને પણ વારંવાર જન્મમરણરૂપ સંસારને કરનારી પુત્ર-કલત્રાદિની સ્મૃતિ સ્નેહથી થાય છે. (૨) તથા મનુષ્યોને મરણ સમયે સ્ત્રી, પુત્ર, ધન અને ઘરને વિષે અથવા પશુ, પક્ષી, વૃક્ષાદિમાં સ્નેહથી ભૂતયોનિની પ્રાપ્ત થાય છે. (૩) શિશ્નેન્દ્રિય છેદી નાખ્યું હોય એવા પુરુષને પણ સ્નેહથી સ્ત્રીની પ્રીતિ માટે મૈથુનથી રહિત સ્પર્શાદિને વિષે પ્રવૃત્તિ થાય છે જ. (૪) મૃત્યુપર્યન્ત દેહ સંબંધી દુઃખ મનમાં નહિ ગણીને પુરુષને સ્નેહથી કુટુંબના પોષણમાં પ્રવૃત્તિ થાય છે. (૫) પોતાની જ્ઞાતિથી ભિન્ન એવા પણ મનુષ્યમાં સ્નેહથી પુરુષ પોતાના પિતાદિનો ત્યાગ કરીને સ્ત્રીની સાથે દેશાંતરમાં ગમન કરે છે. તેમજ સ્ત્રી, પુરુષની સાથે દેશાન્તરમાં ગમન કરે છે. (૬) પોતાના સંબંધીજનોએ વારંવાર તિરસ્કાર કરાયેલા પુરુષને પણ સંબંધીજનોમાં સ્નેહથકી નિશ્ચય વૈરાગ્ય ઉપજતો નથી તથા તેમનો ત્યાગ કરાતો નથી. (૭) સ્નેહથી સ્ત્રીઓ મરેલા પતિ તથા પુત્રોની પાછળ મરણ પામે છે તથા પુરુષો સ્નેહથી પ્રાણીઓની હિંસા કરીને પોતાનાં સંબંધીજનોનું પોષણ કરે છે. (૮) મનુષ્યોને તથા પશુપક્ષીઓને સ્નેહથી ભૂખનું દુઃખ સહન કરીને પણ જ્યાં ત્યાંથી ખાધાની વસ્તુ લઈ આવીને પોતાના બાળકોના પોષણમાં પ્રવૃત્તિ થાય છે. (૯) સ્નેહ થકી પોતાના કુટુંબનું પોષણ કરવાને અર્થે નિશ્ચય મૃત્યુ થાય, એવા ચોરી આદિ કર્મ તથા નાવમાં બેસીને સમુદ્ર પાર કમાવા જવું, એ આદિક ક્રિયાને વિષે મનુષ્યોની પ્રવૃત્તિ થાય છે. (૧૦) મનુષ્યો સ્નેહથી અસત્ય ભાષણ તથા અતિશય કષ્ટ સહન કરીને તથા નીચ માણસની સેવાથી જ્યાંત્યાંથી ધન લાવીને પોતાના કુટુંબનું પોષણ કરે છે. (૧૧) તે પ્રકારે જે પુરુષોને પોતાની જાતિથી ભિન્ન એવા પશુ, મૃગ, મર્કટ, શ્વાનના બાળકો (ગલુડિયાં) વગેરેમાં સ્નેહથી પોતાના પુત્રાદિને વિષે જ જેમતેમઅતિ પીડા કરનારી આસક્તિ થાય છે. (૧૨) અતિજીર્ણ પણાને પામ્યું હોય, તો પણ પોતાના શરીરમાં સ્નેહથી જીવવાની આશા રહે છે. સ્નેહથી પાપકર્મમાં નિષ્ઠાવાળા પોતાના સંબંધીઓનો પક્ષપાત થાય છે. (૧૩) મનુષ્યોને સ્નેહથી અન્યાયમાં ન્યાયબુદ્ધિ થાય છે, પાપમાં પુણ્યબુદ્ધિ થાય છે. આત્માથી ભિન્ન દેહમાં આત્મબુદ્ધિ થાય છે. નાશવંત પદાર્થમાં સત્યપણાની બુદ્ધિ થાય છે. (૧૪) પુરુષોને સ્નેહથી ગુણવાનના ગુણોમાં દોષબુદ્ધિ થાય છે. તથા દોષવાળા જનોનાં દોષોને વિષે પણ ગુણની બુદ્ધિ થાય છે. (૧૫) કામક્રોધ, તથા લોભ ઈર્ષા વગેરે ઘણા દોષો પણ સ્નેહથી થાય છે. એવો સ્નેહ ત્યાગીઓનો શત્રુ જ છે. (૧૬) હવે ત્યાગીઓને હિત કરનારા, સ્નેહને જીતવાના ઉપાયો હું તમોને કહું છું, જે ઉપાયોથી મુમુક્ષુ ત્યાગી પુરુષોએ દુર્જય એવો સ્નેહ પણ જિતાય છે જ. (૧૭) ત્યાગી સાધુ દેહમાં અને દૈહિક સુખમાં કારણભૂત પદાર્થ માત્રમાં સર્વદા સ્નેહે રહિત થાય - જે સ્નેહના ત્યાગથી પરમસુખ થાય અને પરમાત્મામાં પ્રીતિ થાય. (૧૮) પ્રિયવ્રતાદિ રાજાઓ, દધીચિ વગેરે મુનિઓ દેહાદિમાં સ્નેહનો ત્યાગ કરીને પરમસુખને પામ્યા હતા, જ. (૧૯) ત્યાગીએ જે ગામમાં પોતાના દેહનો જન્મથયો હોય, તે ગામમાં ફરીને



જવું નહિ. જો અવશ્ય કાર્યના વશપણાથી જાય, તો પોતાને ઘેર જાય નહિ. (૨૦) વસ્ત્ર, પુસ્તક, ભક્ષ્ય (ખાધાની વસ્તુ) તથા જલપાત્રાદિ વસ્તુઓ પોતાના દેહના સંબંધી જનથી ગ્રહણ કરે નહિ. (ભિક્ષા માગવાના સમયથી ભિન્ન કાળમાં ગ્રહણ કરે નહિ.) આપત્કાલમાં પણ બીજા માણસ પાસે કોઈ પણ વસ્તુ પોતાના સંબંધીને અપાવે નહિ. (૨૧) પોતાના સંબંધિ-જનને ધન, પુત્રાદિ લાભ થાય ત્યારે ત્યાગી પોતાના જ સંબંધીથી ભિન્નને ધનાદિના લાભમાં અથવા વિનાશમાં જ જેમ તેમ તુલ્યબુદ્ધિવાળો થઈને હર્ષ ન પામે તેમશોક ના કરે. (૨૨) જો પોતાના સંબંધીજનોમાં દેહની ઉત્પત્તિના નિમિત્તવાળો સ્નેહ થાય ત્યારે તો પૂર્વજન્મના દેહના સંબંધીઓમાં જેવો સ્નેહ છે તેવો સ્નેહ કરે. (પણ વધુ ન કરે) (૨૩) જરાયુજ = મનુષ્ય, પશુ વગેરે, અંડજ = મત્સ્ય, પક્ષી વગેરે, ઉદ્‌ભિજ્જ = વૃક્ષો વગેરે, સ્વેદજ = પરસેવાથી ઉત્પન્ન થતા લીખો, માંકડ વગેરે, પોતાને ઘણા દેહો થયા હતા અને તે ચાર પ્રકારના દેહોના પોતાના સ્વજનો પણ અનેક થયા હતા એમજાણવું. (૨૪) હાલમાં આ દેહથી પૂર્વના દેહના સંબંધીઓમાં જેવી પ્રીતિ વર્તે છે જેવી દયા વર્તે છે અને જેવું કુળાભિમાન વર્તે છે. (અર્થાત્ નથી વર્તતું )તેમઆ વર્તમાન, કાળના સ્વજનોમાં પણ તેવી પ્રીતિ અને દયા કરવી અને તેવું કુળાભિમાન કરવું. ( અર્થાત્ ના જ કરવું) (૨૫) જે ત્યાગી પ્રથમપોતે ત્યાગ કરેલા પોતાના સંબંધીજનોમાં ફરીથી આસક્ત થાય તે ત્યાગી શાસ્ત્રથી નિષિદ્ધ પણ કર્મ કરે જ. (માટે સત્પુરુષોએ તેનો વિશ્વાસ કરવો નહિ) (૨૬) જે વૈષ્ણવ ત્યાગી થઈને પણ આ પ્રમાણે સ્વેચ્છા વર્તી થાય, તે ત્યાગી હંમેશા મહાપાપોથી યુક્ત જ જાણવો. (૨૭) માટે આત્મસ્વરૂપને ત્રણદેહથી જ્ઞાતૃત્વાદિ ધર્મોથી ભિન્ન રહેલાનો નિશ્ચય કરી અને તે આત્મસ્વરૂપને વૈરાગ્યપૂર્વક શ્રવણ, મનનાભ્યાસ વગેરેથી બ્રહ્મભાવ પામેલો છું. એવો નિશ્ચય કરીને સર્વથી સ્નેહે રહિત થવું (૨૮) ત્યાગી હંમેશા પૃથ્વીમાં (સાદડી પાથરેલી પૃથ્વી ઉપર) જ સૂવે, રોગાદિ આપત્કાળ પડ્યા વગર ખાટલા ઉપર સૂએ નહિ. સ્ત્રીએ ઓઢેલી ગોદડી આપત્કાળમાં પણ ના જ ઓઢે. (૨૯) એક માસ પહેલાં ક્ષૌરકર્મ ક્યારેય ન કરાવે. એક માસ થઈ જાય, ત્યારે બગલ અને ઉપસ્થ અને શિખાએ રહિત મુંડન કરાવે. (૩૦) ત્યાગી ધર્મને આશરેલો આ સાધુ વ્રતોપવાસ દિવસે અને ભોજન કર્યા પછી મુંડન ન કરાવે. (૩૧) પાપી, નાસ્તિક, તેના સ્પર્શમાં, દુષ્ટ સ્વપ્નમાં-સ્ત્રી દર્શનાદિથી વીર્યસ્ત્રાવ થયો હોય ત્યારે, મુડનમાં તથા મ્લેચ્છ, અન્ત્યજ, ધોબી વગેરેના સ્પર્શમાં ત્યાગી સ્નાન કરે. (૩૨) પોતાના માતા-પિતા અને ગુરુ=મંત્રોપદેષ્ટા આચાર્યના મરણના સાંભળવામાં ત્યાગી વસ્ત્રેસહિત સ્નાન કરે માતાપિતા વિના બીજા સ્વજનના મરણ-શ્રવણમાં સ્નાન ન કરે. (૩૩) ત્યાગી વિષ્ણુની નવધા ભક્તિ વિના એક ક્ષણ પણ નિરર્થક ક્યારેય પણ નિર્ગમન કરે નહિ. અસત્કથાઓ જે ગ્રામ્યવાર્તાઓને તો દૂરથી જ ત્યાગ કરે. (૩૪) કોઈની જીવિકા વૃત્તિ, ગ્રામ, ક્ષેત્રાદિની સંમંત્રણા સાંભળે નહિ. કોઈના દ્રવ્ય લેવા દેવામાં સાક્ષીપણું કરે નહિ. (૩૫) રાજકાર્ય સંબંધી વાર્તાઓ તથા કોઈના જયવિજયની વાર્તાઓ અને વસ્ત્રો, અલંકારો, નગરોની શોભાનું વર્ણન તથા ભક્ષ્ય ભોજ્યાદિ રસાસ્વાદને આશ્રેલી કથા અને ખેતી, વેપાર, શિલ્પ વગેરે જેને છે, એવા ગૃહસ્થ જનોના વ્યવહારનું વર્ણન, હાથી, ઘોડા રથાદિનું વર્ણન, ગાયો, ભેંસો, બકરાં, ઘેટાં, વૃક્ષો, બગીચાઓનું વર્ણન વગેરે અને આયુધ જે તલવાર વગેરેનું વર્ણન એ આદિક જે ગ્રામ્યવાર્તાઓ તેને કરે નહિ અને સાંભળે પણ નહિ. (૩૬-૩૭-૩૮) આ નિયમોમાંથી જે કોઈ પણ નિયમનો ક્યારેય ભંગ થાય તો તે નિયમના ભંગનું પ્રાયશ્ચિત્ત ત્યાગી સાધુ યથાયોગ્ય કરે. (૩૯) ત્યાગી અજાણ્યે પોતાના સંબંધીના ગૃહમાં જેટલા દિવસ રહે તેટલા દિવસો ઉપવાસ કરે. (૪૦) પોતાના પિતા-ભાઈ, સાસુ સસરાના ઘરમાં ભોજન કર્યે સતે, અન્નાદિ અપાવવામાં, અને તેમણે આપેલા વસ્ત્રાદિના ગ્રહણમાં, આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવામાં, તથા સ્ત્રીએ વાપરેલી ગોદડીને સ્વયં અજ્ઞાનથી વાપરે, આવા નિયમભંગોમાં જુદા જુદા એક એક દિવસ ઉપવાસરૂપી પ્રાયશ્ચિત્ત કરે. (૪૧-૪૨) તથા ત્યાગી ઉક્ત ગ્રામ્યવાર્તાને આદરથી કહે. તથા સાંભળે, તો 'સ્વામિનારાયણ' આ છ અક્ષરના કૃષ્ણમંત્રનો જપ પાંચ હજાર વાર કરે. (૪૩) હે મુને ! સ્નેહમાં રહેલા દોષો અને તેના જયના ઉપાયો મેં તમને કહ્યા. આ ઉપાયો મુમુક્ષુઓએ અવશ્ય હૃદયમાં ધારવા યોગ્ય છે. સત્સમાગમઅને વિષ્ણુભક્તિએ સહિત જો અનુષ્ઠાન કરવામાં આવે તો તે ઉપાયો આત્યંતિક કલ્યાણને આપનારા માન્યા છે. (૪૪)

હે સુબુદ્ધે ! આ પ્રકારે મેં સ્નેહના દોષો અને તેના જયના ઉપાયો તમને કહ્યા. હવે હું માનના દોષો અને તેના જયમાં સમર્થ ઉપાયો કહું છું તેને સાંભળો (૪૫)

*ઈતિ શ્રી સત્સંગિજીવને નારાયણચરિત્રે ધર્મશાસ્ત્રે ચતુર્થપ્રકરણે ત્યાગીધર્મેષુ સ્નેહદોષતજ્જયોપાય- નિરૂપણનામા પંચષષ્ટિતમોઽધ્યાયઃ (૬૫)*

સાધુ યોગેશ્વરદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)

# ઓહ ! માય ગોડ
# ये सब क्या है...?

આ એકવીસમી સદીનો પ્રારંભ છે, નથી એકવીસમી સદીનો અંત. બધાજ ક્ષેત્રોની ભ્રષ્ટતાઓ એકબીજાની સ્પર્ધામાં ચડીને ભીષણ તાંડવ ખેલી રહ્યા છે. ઉત્સાહ ભરપુર સંતોના દિલ બેચેન બની જાય એવું વર્તમાન પળોમાંથી પસાર થતું માનવ જાતનું દર્શન છે.

અષાઢી મેઘલાઓની સાત સાત દિવસ અને સાત સાત રાત્રિ સુધી બારે ખાંગે વરસતી હેલીઓથી વાજ આવી જઇને ધરતીનો રહેવાસી ગગન સામે જોઇને અધીરો બનીને બરાડે કે, ઓ મેઘરાજ ! હવે બહુ થયું ખમૈયા કરો. આવીજ કોઇ કણસતી વેદનાઓથી ઉભરાઇ ગયા છે. અંતર સજ્જનો અને સંતોના, ઉભરાઇ ઉઠેલી ભ્રષ્ટતાઓના દર્શનથી...

હવે તો ભગવાન જ ઉગારી શકે એમકહીએ તો તે ખોટું નહિ ગણાય. નારીમાંથી શીલ ઊડી ગયા બાદ, વેપારીમાંથી નીતિમતા નષ્ટ થઇ ગયા બાદ, યુવાનમાંથી યૌવન ખતમથયા બાદ, સંતોમાંથી શાસ્ત્ર ચુસ્તતા ધરાશાયી થયા બાદ, સરકારી સ્તરોમાંથી ન્યાયનો લોપ થાઇ ગયા બાદ હવે એવું તે સોગંદ ખાવા જેવું પણ સારૂં તત્ત્વ ક્યું રહ્યું છે કે જેના આધારે પરંપરાગત ધર્મ બચાવી શકાય ?

ઢોર પણ જીવે છે દુષ્ટ માણસો પણ જીવે છે. જો આને પણ જીવન કહેવાતુ હોય તો એકવાર એમકહી દેવાનુ મન થઇ જાય કે આ કરતા તો સ્મશાનની ચિતા ઉપર મડદું બનીને સૂઇ જવું વધુ સુખદ હશે.

પહેલા શરીર તુટે, પછી ટાઢ્ય વાય, પછી કળતર આવે અને પછી મોત આવે. આજે ધર્મોમાં કળતર ચડી છે. ધર્મના નામે ધતીંગ, ભક્તિના નામે ભવાડા ચાલે છે.

ચારે બાજુ તોફાન છે, વંટોળ છે, ભયાનક આંધીની ડમરીઓ જામથઇ છે. નર્યો વિલાસ, વાસનાની કારમી ભુખ યુવાન અને યુવતીઓના મોં ઉપર તરવરતી હવસની બેહદ વિચિત્રતા ! *ये सब क्या है ?*

વેપારી, ગ્રાહકો, શ્રીમંતોના જીવનમાં નરી અપ્રમાણીકતા, અનીતિ, લુચ્ચાઇ, જુઠ અને વિશ્વાસઘાત... *ये सब क्या है ?*

સતાધારી વર્ગમાં આકંઠ વ્યાપેલી સત્તાની કારમી લાલચા, અઘોર બેશરમતર્કવાદ, સ્વાર્થ, પ્રપંચ, કુડ કપટ અને કાવા દાવા *ये सब क्या है ?*

બહારથી ધર્મી દેખાતા લોકોની ભીતરનું એક ભયાનક જીવન ! ડોકિયુ કરતા કાળી ચીસ પડી જાય એવી તેઓની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ ! લોહીની તરસો, ધર્મના ઓઠા-નીચે સેવાતો કારમો કાજળથીય કાળો સંસાર ! *ये सब क्या है ?*

અરે...! જેમણે સંસાર ત્યાગ્યો છે તેવા સંસાર ત્યાગીમાંય, નવાજ પ્રકારનો સંસાર સંસારીનેય ક્ષણવાર સારા મનાવે તેવો સંસાર રક્ષક જો ભક્ષક બનશે તો ભક્ષક શુ બનશે ? **आग जले तो जल को कहुं, मगर जल जले तो किसको कहुं ।**

પંચવર્તમાનના આધ્યાત્મિક મૂલ્યો લગભગ કબરનશીન થયા છે. એવી ઊંડી ખાઇ પડી છે. જેને પૂરવા માટે કદાચ સંતો અને સજ્જનોજી ૫-૧૫ પેઢીઓએ પોતાના બલિદાન દઇને મડદા પૂરા પાડવા પડશે.

ભડકે જલતી ભોગસના અનુકરણથી ધર્મ લોપતી ભયાનક આગ જેને ઠારવા નીકળેલા ફાયર બ્રીગેડના મોટા રૂસ્તમો ઝડપાઇ જઇને તેમાં બળી મુખા ત્યાં બીજા કાચા પોચાના તો શાં ગજા !

સમય તો એવો આવી રહ્યો જણાય છે કે ગણ્યા ગાઠ્યા સારા માણસોએ કોની સાથે બેસવું, બોલવું, વિચારવું કે ધર્મ મર્યાદાના નાશ ઉપર મોં વાળીને રોવું ? એજ સવાલ થઇ પડશે !

એવા વખતે ઉપર આભ અને નીચે ધરતી હશે આંખે આંસુ અને હૈયે કકળાટ હશે, દિલમાં બેચેની અને દિમાગમાં વ્યથા હશે ત્યારે જરાય હતાશ થયા વિના પંચવર્તમાન રૂપી ધર્મનું કવચ ધારણ કરી ચાલવું.

પણ ખામોશ ! ધર્મ મરી પરવાર્યો છે. એમમાનવાની જરૂર નથી ! આજે પણ ધર્મનિષ્ઠ પુરૂષ જીવે છે. આ કળિયુગમાં કેવા કેવા રૂસ્તમો તણાઇ ગણાઇ ગયા છે રજોગુણના ઘોડાપુરમાં. સમાજમાં પણ આજે રજોગુણ રૂપી સાત સમંદર ફરી વળ્યા એવા કોમ્પ્યુટર યુગમાં પણ ધર્મ પાળતા થકા સાદગીથી જીવન જીવે છે.

ઇજીપ્તના પિરામિડો કે આગ્રાનો તાજમહાલ, ચીનની જંગી દિવાલ કે પેરીસનો ઢળતો ટાવર... પનામા નહેર કે પછી લંડનની ભૂગર્ભ રેલ્વે વિશ્વની અજાયબીઓ તરીકે આ બધું ભલે ગણાયું હોય. પરંતુ તે તમામઅજાયબીઓને ટક્કર મારે એવી આ વિશ્વની એક સર્વશ્રેષ્ઠ અજાયબી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં છે. અને તે એ છે આચાર્ય પરીવારનો ધર્મ, કે ૫.પૂ.

માતૃશ્રી(પૂ.ગાદીવાળા)ને જીંદગી ભર ઓઝલમાં રહેવું. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો એક તો હરિભક્ત બતાવે કે મે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની પ.પૂ. માતૃશ્રી(પૂ.ગાદીવાળા)નું મુખારવિંદ જોયું હોય ! આ બ્યુટીપાર્લરોનાં યુગમાં પણ ઓજલ સભર, પરપુરૂષ મુખ ન દેખે એ રીતે રહેવુ એ કાંઇ ખાવાના ખેલ નથી ! ખાંડાના ખેલ છે...!

આજે યુવાન અને યુવતી પહેરવેશમાં પણ તેમના મનની ઉન્મત વાસનાઓ વ્યક્ત રૂપમાં જોવા મળે છે. એવા આ વેબસાઇટ યુગમાં પોતાનો ધર્મ સાચવવા, ચાર દિવાલ વચ્ચે જીવન જીવે છે એક ભગવાન શ્રી સ્વામિનારાયણની નિષ્ઠાના બળથી...

યાદ રાખો...! કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજે ધર્મના ઊંડા ચીલાઓ પડેલા છે. તે એમને એમએકાદ રાતમાં પડેલા નથી. તેની ઉપર અનેક વંટોળા પસાર થઇ ગયા છે. તેને ભુંસી નાખવા અનેક લોકો જન્મા છે પણ અંતે તેઓ જ ભુંસાઇ ગયા છે !

જે ધર્મના ચીલાની પાછળ ઘણો મોટો ઈતિહાસ ખડકાયો છે તેને ભૂંસી નાખવાનું આ આંધળુ સાહસ છે. સમજી લો કે નવા ધર્મના ચીલા રહેવાના નથી અને જુના બધ્ધમૂલ ધર્મના ચીલાને વેર વિખેર કરવાના પરિણામે અનેક ભદ્રક પરિણામે જીવોના જીવન વેરવિખેર થઇને રહેવાના છે.

પણ અફસોસ ! સનાતન ધર્મને આજે ગુંગળાવીને મારી નાખવાના પ્રયત્નો થઇ રહ્યા છે. જો ધર્મને મારીશું તો આપણે જ મરીશું. આપણે મરવું હોય તો જ ધર્મને મારી શકાય. આપણી જીવાદોરીને આપણે જ કાપી નાખીએ તો આપઘાત કહેવાય.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજના ભયાનક કળિકાળમાં પણ અખુટ શક્તિઓ પડી છે. શ્રેષ્ઠ ઉપાસના છે, શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાંધેલા મંદિર છે, સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રતિષ્ઠીત કરેલા દેવો છે, ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં સ્થાપેલા આચાર્યો છે, ભગવાન શ્રી સ્વામિનારાયણ જેને મસ્તક ઉપર રાખેલો, નિહાળેલો, વાંચેલો એવો મહા સમ્રાટ શ્રી સત્સંગિજીવન ગ્રંથ આપણી પાસે છે. તેમજ વાણી સ્વરૂપ શિક્ષાપત્રી, વચનામૃત છે, સંતો છે, ભક્તો છે, સૂઝ છે..... બધુ છે. શું નથી ?

કાશ ! પણ બધું આપણી ઉગ્રતાઓ પાછળ વપરાઇ રહ્યું છે. આ સ્થિતિને વહેલી તકે સુધારવી પડશે. હારીને, થાકીને પણ છેવટે ધર્મના શરણે ગયા વિના છુટકો જ નથી એ નિશ્ચિત હકીકત છે. આ હકીકતની સ્વીકાર જેટલો વહેલો થાય તેટલું સારૂં !

**દર મહિના પહેલા રવિવારે સરધાર અને મહિના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી**

# :: અભયદાન સત્સંગ સભા ::

**-: સરધાર :-**

**તા. ૬-૮-૦૬, શ્રાવણ સુદ - ૧૨, રવિવાર સવારે ૯ થી ૧૧**

**-: રાજકોટ :-**

**તા. ૨૯-૭-૦૬, શ્રાવણ સુદ - ૪, શનિવાર રાત્રે ૯ થી ૧૧**

**-: સ્થળ :-**

**પ.ભ. શ્રી બાબુભાઈ નટબોલવાળાના નિવાસસ્થાને**
**ભક્તિનગર, દરજીનીવાડી વાળી શેરી, મધુરમ્ હોસ્પિટલની સામે.**
**ફો.નં. ૨૩૬૪૪૪૨**

સ્વામી આનંદસ્વરૂપદાસજી
(વેદાંતાચાર્ય) સરધાર

# અષાઢ સુદ દેવશયની એકાદશી માહાત્મ્ય

વર્ષાનું આગમન ચારેકોર આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જે છે કારણ કે ગ્રીષ્મના ધોમધખતા તાપથી ધરતી બળીઝળી રહી હોય છે અને ત્યાં જ તેના આગમનથી ધરતી તૃપ્ત થાય છે અને સાથે સાથે જ અષાઢનું આગમન થાય છે અને વ્રતતહેવારોની શરૂઆત થાય છે. અષાઢ સુદ અગિયારશ એટલે કે દેવશયની અગિયારશ. તેનું બીજું નામ પદ્મા એકાદશી પણ છે. આ એકાદશીથી ચાતુર્માસનો પ્રારંભ થાય છે. આને લગતી પ્રાચીન કથા આ પ્રમાણે છે.

માંધાતા નામનો એક સૂર્યવંશી ચક્રવર્તી રાજા હતો. તે સત્ય પ્રતિજ્ઞાવાળો અને પ્રતાપી હતો. તેના રાજ્યમાં પ્રજા સર્વ વાતે સુખી હતી. તે ધર્મથી, સત્યથી પ્રજાનું પાલનપોષણ કરતો. આવી રીતે રાજ્ય કરતાં ઘણાં વર્ષો થઈ ગયાં. વરસાદ નિયમિત વરસતો. રાજાની તિજોરી ભરેલી રહેતી. અન્ન નિયમિત થતું અને સર્વ કારોબાર ચાલતો હતો. ત્યાં અચાનક એક વર્ષ રાજ્યમાં વરસાદ પડ્યો નહીં. બીજા વર્ષે પણ એ પ્રમાણે થયું. પરંતુ રાજાની તિજોરી ભરેલી રહેતી હતી તેથી કાંઈ દુઃખ પડ્યું નહીં. પરંતુ ત્રીજા વર્ષે પણ જ્યારે વરસાદ પડ્યો નહીં ત્યારે પ્રજા ત્રાહિમામત્રાહિમામ થઈ ગઈ. પ્રજા ભૂખે પીડાવા લાગી અને ઘણા લોકો મૃત્યુ પામ્યા. પ્રજાએ રાજા પાસે આવી ફરિયાદ કરી અને કહ્યું કે, 'હે રાજા, મેઘ એ જ નારાયણ છે, કારણ કે તે સદા સર્વદા વ્યાપક છે. મેઘ રૂપી નારાયણ જ વૃષ્ટિ કરે છે. તે વૃષ્ટિથી જ અન્ન પાકે છે અને અન્ન વડે જ પ્રજા જીવે છે. માટે અન્ન ન હોય તો સઘળી પ્રજા નાશ પામે છે માટે મેઘરાજાની પધરામણી થાય એવું કાંઈક કરો. જેથી સઘળી પ્રજા સુખી થાય.

રાજાએ પ્રજાને આશ્વાસન આપ્યું અને નક્કી કર્યું કે પોતાની કઈ ભૂલને ભોગે આ દુઃખ પ્રજા પર આવી પડ્યું છે તે શોધવું જ રહ્યું. આમ વિચાર કરી તે ઘોર જંગલમાં નીકળી પડ્યો કે જ્યાં મોટા મોટા ઋષિમુનિઓના આશ્રમો આવેલા હતા. ફરતાં ફરતાં રાજા અંગિરા ઋષિના આશ્રમમાં આવી પહોંચ્યા. ઘોડા પરથી નીચે ઊતરી તે મુનિના ચરણોમાં હાથ જોડીનો વિનયપૂર્વક ઊભો રહ્યો. ઋષિએ રાજાને આશીર્વાદ આપ્યા અને આવવાનું કારણ પૂછ્યું.



રાજાએ પોતાના આગમનનું કારણ જણાવતાં કહ્યું કે, 'હે ભગવાન, હું ધર્મથી પ્રજાનું પાલન કરું છું. છતાં પણ ત્રણ ત્રણ વર્ષથી મારા રાજ્યમાં વરસાદની મહેર થઈ નથી. તેથી મારા રાજ્યમાં મારી પ્રજા દુઃખી છે. વરસાદ કેમ થતો નથી તેનું કારણ આપ મને જણાવશો તો મને આનંદ થશે કે જેથી મારી પ્રજાનું દુઃખ હું દૂર કરી શકું. ઋષિએ કહ્યું, 'હે રાજન, આ સત્યુગ છે અને તે સઘળા યુગોમાં ઉત્તમ છે. આ યુગમાં બ્રાહ્મણોનો તપ કરવાનો અધિકાર છે પરંતુ બીજી જાતિને તે અધિકાર નથી. તેમ છતાં પણ તમારા દેશમાં શુદ્ર તપશ્ચર્યા કરે છે એટલા માટે વૃષ્ટિ થતી નથી. એથી એ શુદ્રના વધ માટે ઉપાય કરો જેથી બધા દોષો દૂર થશે.' ત્યારે રાજાએ કહ્યું, 'હે મહારાજ એ શુદ્ર હોવા છતાં તપશ્ચર્યા કરે છે પણ હું તેને અપરાધ વગર મારીશ નહીં. માટે કોઈ વ્રત હોય તો કહો જેથી તે વ્રત કરવાથી મેઘનું આગમન થાય.'

ત્યારે ઋષિએ રાજાને અષાઢી એકાદશીનું વ્રત કરવાનું કહ્યું, ઉપરાંત જણાવ્યું કે એ એકાદશી સર્વ સિદ્ધિ આપનારી અને સર્વ ઉપદ્રવનો નાશ કરનારી છે માટે તમે તથા તમારી સઘળી પ્રજા તેનું વ્રત કરો.

ઋષિએ કહેલાં વચનો સાંભળી રાજા પોતાના દેશમાં પાછો આવ્યો અને અષાઢ માસ આવતાં રાજાએ પોતાની પ્રજા સાથે આ દેવશયની અગિયારશનું વ્રત કર્યું. તેથી વૃષ્ટિ થઈ અને પૃથ્વી તૃપ્ત બની અને ખૂબ જ ધાન્ય પાક્યું. આવી રીતે વિષ્ણુની કૃપાથી સઘળા મનુષ્યોને સુખ પ્રાપ્ત થયું.

આ દિવસે વ્રત કરનારે ઉપવાસ કરવો. જેના હાથમાં શંખ, ચક્ર, ગદા છે એવા શ્રી વિષ્ણુની મૂર્તિથી સ્થાપના કરવી તથા બ્રાહ્મણ પાસે દૂધ, દહીં, ઘી, મધ, સાકર અને જળ વડે સ્નાન કરાવી સુગંધી ચંદન ચઢાવી, ધૂપ અને દીવો કરી 'હે વિષ્ણો, આપ જગન્નાથ શયન કરશો ત્યારે ચરાચર જગત શયન કરશે અને આપ જ્યારે જાગશો ત્યારે ચરાચર જગત જાગશે, એમ પ્રાર્થના કરી, ઉત્તમ પુષ્પો વડે પૂજા કરવી. આ દિવસે ભગવાન સૂઈ જાય છે. તે પછીના દિવસોએ શુભ કાર્યો જેવાં કે લગ્ન વગેરે કરવામાં આવતાં નથી. તે પછી ભગવાન કાર્તિક એકાદશીએ જાગે છે અને તે પછી ભગવાન કાર્તિક એકાદશીએ જાગે છે અને તે પછી શુભ કાર્યો કરવામાં આવે છે. આ એકાદશીથી વધારે પવિત્ર બીજું કોઈ વ્રત નથી. તે સઘળાં પાપો દૂર કરી સર્વ કામનાઓ પૂર્ણ કરે છે.

પાપોનો નાશ કરનારી અને સર્વ કામના કરનારી એકાદશીનું વ્રત આપણે સૌ કરીએ અને આપણા મનોરથ પૂર્ણ કરીએ.

પાર્ષદ રાજુ ભગત તથા મયુર ભગત
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)

# "સત્સંગ શબ્દજ્ઞાન મનોરંજન"

## આડી ચાવીઓ

૩. જેસીંગભાઈના માઢ નીચેથી નીકળે તેનું કલ્યાણ કરીશું આવું મહારાજે વર........ગામમાં આપ્યો હતો. (૪)
૬. મહારાજે વન વિચરણની શરૂઆત કરી ત્યારે કઈ તીથી હતી? (૩)
૮. શ્રીજી મહારાજ માટે વસ્ત્રો તથા આભૂષણ લાવેલા પ્રેમબાઈનું ગામ. (૨)
૯. .......પત રાખો રાજ, ગુના અમારા લાખો રાજ. (૩)
૧૧. ........વચસા વપુશાચ હરે, ભવ તસ્મવય. ભવ તસ્મવયં. (૩)
૧૩. શ્રીજી મહારાજ સમકાલીન વડોદરામાં..........ભક્ત હતા. (૨)
૧૫. શિક્ષાપત્રી મહારાજે..........ના દિવસે લખી છે. (૬)
૧૮. મહારાજના સમયે જેતપુરના બસિયા કુંટુંબમાં જન્મેલ એક મંદબુદ્ધિના ભક્તરાજનું નામ. (૨)
૧૯. પાંચ કર્મેન્દ્રિયોમાંથી એક. (૨)
૨૦. અખંડાનંદ બ્રહ્મચારીનું ગામ. (૩)
૨૨. પ્રભુ તારી.....અપરંપાર એમાં પહોંચે નહિ વિચાર. (૨)
૨૪. જૂનાગઢની પ્રતિષ્ઠા મહારાજે..........પક્ષમાં કરી હતી. (૨)
૨૫. પ્રભુ તવ મૂર્તિ વિનોદકારી, .......પણ વિસરે નહિ જો વિસારી. (૨)
૨૬. અદ્વૈતાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ. (૪)
૨૯. માગશર મહિના વખતે ચાલતી ઋતુનું નામ. (૩)
૩૧. માણાવદરના મહારાજ સમકાલીન એક ભક્ત. (૪)
૩૨. સાક્ષાત્કાર કરવા માટેના ત્રણ સાધનમાંથી એક. (૩)
૩૩. નાના બાળકો પાણી પીવા માટે માતા પાસે બોલતા એક શબ્દ. (૧)

## ઊભી ચાવીઓ

૧. હિન્દુ સંસ્કૃતિનો આધારસ્તંભ ગ્રંથ (૨)
૨. જમપુરીના પાર્ષદનું નામ. (૨)
૩. મહારાજની વાણીરૂપી શાસ્ત્ર. (૫)
૪. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની વખાણાતી વાનગી (૨)
૫. માંગરોળમાં મહારાજે.........ગળાવીને સામાજીક કાર્યની શરૂઆત કરી હતી. (૨)
૭. પાંચ આરતીમાંથી સૌથી છેલ્લે થતી આરતીનું નામ. (૩)
૧૦. ધર્મદેવ વેદની કઈ શાખાના બ્રાહ્મણ હતા. (૩)
૧૨. ધર્મકુળનું ગોત્ર........છે. (૩)
૧૩. .......ત સુંદર શ્યામરાધિકા, નીરખી રતિપતિ લાજે રે. (૨)
૧૪. નીલકંઠ વર્ણીની વનવિચરણ વખતે મળેલ એક કૃતઘ્ની સાધુ. (૫)
૧૬. શ્રીજી અને સહુ......મળી કરજો મારી સહાય. (૨)
૧૭. મહારાજે તિલક-ચાંદલાની શરૂઆત સૌપ્રથમ..........ગામથી કરી હતી. (૩)
૨૦. શિયાણી ગામના એક ભક્ત. (૪)
૨૧. ભગવાનનો ભક્ત અંતકાળે સર્વે સંસાર ભૂલી મહારાજને........કરે છે. (૨)
૨૨. ........ચડાવ્યો કલ્યાણનો રે, સૌનાં મસ્તક પર મોડ. (૩)
૨૩. જેમસોળવલા સોનાની પરીક્ષા લેવા માટે......માં તપાવવામાં આવે છે તેમભગવાન પોતાના ભક્તની પરીક્ષા કરે છે. (૨)
૨૬. કામદેવનું એક નામ. (૩)
૨૭. ચોવીશ અવતારોમાંથી એક. (૨)
૨૮. પૃથ્વી, ભૂમિ, ધરતી, (૨)

### સત્સંગ કોષ્ટક - ૯

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ■ | ૩ | | ૪ | | ■ | ૫ |
| ૬ | ૭ | | ■ | | ■ | | ■ | ૮ | |
| ■ | | ■ | ૯ | | | ■ | ૧૦ | ■ | ■ |
| ૧૧ | | ૧૨ | ■ | | ■ | ૧૩ | | ■ | ૧૪ |
| | ■ | ૧૫ | ૧૬ | | ૧૭ | | | ■ | |
| ■ | ■ | ૧૮ | | ■ | | ■ | ■ | ૧૯ | |
| ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | ■ | |
| ૨૪ | | ■ | ૨૫ | | ■ | ૨૬ | | ૨૭ | |
| | ■ | ૨૮ | ■ | ૨૯ | ૩૦ | | ■ | | ■ |
| ૩૧ | | | | ■ | ૩૨ | | | ■ | ૩૩ |

### સત્સંગ કોષ્ટક - ૮

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ નૃ | ૨ ગે | ન્દ્ર | ૩ પ્ર | સા | દ | ■ | ૪ વિ | ■ | ૫ સા | ધુ |
| ૬ સિં | ૭ હ | ■ | થા | ■ | ■ | ૮ વ | ૯ શ | રા | મ | ■ |
| ૧૦ હ | રિ | ■ | ■ | ૧૧ ભ | ગુ | જી | ■ | ધા | ■ | ૧૨ છ |
| અ | ■ | ૧૩ શ્રી | ૧૪ રં | ગ | ■ | ૧૫ બા | ૧૬ ર | ■ | ■ | પૈ |
| વ | ■ | ૧૭ ભા | ગ | વ | ત | ■ | સ | ■ | ૧૮ ગ | યા |
| તા | ■ | ષ્ય | ■ | ત | ■ | ૧૯ જુ | ના | ૨૦ ગ | ઢ | ■ |
| ૨૧ ર | ૨૨ સ | ■ | ■ | ૨૩ પ્ર | ભુ | ■ | ■ | ૨૪ રૂ | ડા | ■ |
| ■ | ૨૫ ર | સ | ■ | સા | ■ | ૨૬ રા | ■ | ડ | ■ | ૨૭ શ્ર |
| ■ | ધા | ■ | ૨૮ સુ | દ | ■ | ૨૯ ઈ | ન | ■ | ૩૦ મા | વ |
| કા | ર | ણ | ■ | ૩૨ જી | વુ | બા | ■ | ૩૩ મે | થા | ણ |

# સત્સંગ સમાચાર પત્રિકા


## રઘુવીર વાડી - વડતાલ ખાતે ઉજવવામાં આવેલ ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ



ગુરુ અને ગુરુસ્થાનનો મહિમા અનેરો છે. 'गुरुकृपा हि केवलम्, शिष्य परम मंगलम्.' ગુરુની કૃપા થાય તો જ શિષ્યનું મંગલમય ભવિષ્ય અને આખરે કલ્યાણ થાય. 'तस्मै श्री गुरुवे नमः' કહીને ગુરુપદચિહ્નના મહિમાગાનનો અવસર એટલે ગુરુપૂર્ણિમા. ભારતમાં પ્રાચીનકાળથી ગુરુપરંપરા ચાલી આવી છે, જેને આદર આપી ગુરુના ઋણને સ્વીકારવાનો સમય એટલે ગુરુપૂર્ણિમા. શિષ્યના જીવનના યોગ અને ક્ષેમનું વહન કરનારા વિરલ ગુરુદેવને કૃતજ્ઞતાપૂર્વક વંદના કરવાનું પર્વ એટલે ગુરુપૂર્ણિમા.



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંત પ્રમાણે શ્રીજીમહારાજે સ્થાપેલ બે દેશના આચાર્યપદનું માહાત્મ્ય અનેરું રહ્યું છે. સંપ્રદાયના સાચા ગુરુ તો પ.પૂ. આચાર્ય મહારાજશ્રી જ છે, તે ન્યાયે તા. ૧૧-૭-૦૬, અષાઢ સુદ - ગુરુપૂર્ણિમાના રોજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ સહ રઘુવીરવાડી-વડતાલ ખાતે ગુરુઋણ મુક્ત થવા અને કંઈક અંશે ગુરુઋણ અદા કરવા માટે 'ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.



આજે વહેલી પરોઢીયેથી રઘુવીરવાડી ખાતે હજારોની સંખ્યામાં ભક્તસમુદાય આવવા લાગ્યો હતો. બરાબર ૯.૦૦ કલાકે ગુરુપૂજન માટે ૪૦ હજારથી વધારે સંખ્યામાં પધારેલ ભક્તસમુદાય સભાના રૂપ ગોઠવાયા બાદ સભાસ્થાનમાં પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. નાનાલાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. પ્રથમ સર્વે કોઈના ગુરુ એવા શ્રીહરિકૃષ્ણ મહારાજનું વેદોક્તવિધિ સાથે પૂજન બંને લાલજી મહારાજશ્રીએ કર્યું હતું. ત્યારબાદ સંપ્રદાયમાં ગુરુપદ બિરાજમાન એવા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજનું પૂજન કરી આરતી ઉતારવામાં આવી હતી.



ત્યારપછી વડિલ સંતો-હરિભક્તોએ ગુરુમહિમા સમજાવી પ્રાસંગિક પ્રવચનો આપ્યા હતા. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, જે ગુરુ શિષ્યને પરમાત્માની ઓળખાણ કરાવે તે જ સાચા ગુરુ છે અને એવા ગુરુ પાસેથી જ શિષ્ય મોક્ષગતિ પામે શકે છે.

અંતે ગુરુપૂજનને માટે પધારેલ સર્વે સંતો-હરિભક્તોએ ભાવપૂર્વક હૃદયથી પુષ્પહાર, પુષ્પગુચ્છ, ચાદર વગેરે ઉપચારો વડેથી પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કર્યું હતું.

## શ્રી સ્વામિનારાયણ મંદિર - નાવડામાં ઉજવાયેલ દ્વિતીય વાર્ષિક પાટોત્સવ

તા. ૮-૬-૦૬, જેઠ સુદ -૮ના રોજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ દ્વારા પ્રતિષ્ઠીત શ્રી સ્વામિનારાયણ મંદિર - નાવડામાં વિરાજમાન દેવોનો દ્વિતીય વાર્ષિક પાટોત્સવ ઉમંગભર ઉજવવામાં આવ્યો હતો. આ પાટોત્સવમાં સરધારથી પૂ. સંતો પધારી સત્સંગ કથા-વાર્તા લાભ આપી સહુ હરિભક્તોને આનંદિત કર્યા હતા.

## શ્રી સ્વામિનારાયણ મંદિર - વેરાવળ(શાપર)માં ઉજવાયેલ વાર્ષિક પાટોત્સવ

તા.૧૧-૬-૦૬, જેઠ સુદ - ૧૫ના રોજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ દ્વારા પ્રતિષ્ઠીત શ્રી સ્વામિનારાયણ મંદિર - વેરાવળ(શાપર)માં વિરાજમાન દેવોનો વાર્ષિક પાટોત્સવ ખૂબ આનંદ-ઉલ્લાસથી સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પાટોત્સવમાં સરધારથી પૂ. સંતો પધારી સત્સંગ કથા-વાર્તા લાભ આપી સહુ હરિભક્તોને આનંદિત કર્યા હતા.

# વિદેશ સમાચાર

## હોલીડેસ્બર્ગ(પેન્સીલ્વેલીયા)માં યોજાયેલ સત્સંગ સભા

તા. ૨૯-૬-૦૬ના રોજ પેન્સીલ્વેલીયા રાજ્યના હોલીડેલ્બર્ગ શહેરમાં ડો. કિશોરભાઈ કાકડીયા (ક્રાંકચ)ના નિવાસસ્થાને ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીએ કથા-વાર્તાનો લાભ આપી ભક્તજનોને આનંદિત કર્યા હતા. અંતે સહુ હરિભક્તો મહાપ્રસાદ લઈને છૂટા પડ્યા હતા.

## બાથલેમ(પેન્સીલ્વેલીયા)માં યોજાયેલ સત્સંગ સભા

તા. ૩૦-૬-૦૬ના રોજ પેન્સીલ્વેલીયા રાજ્યના બાથલેમ શહેરમાં પ.ભ. મહેશભાઈ પટેલ (ખાંધલી)ના નિવાસસ્થાને ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીએ કથા-વાર્તાનો લાભ આપી ભક્તજનોને આનંદિત કર્યા હતા. અંતે સહુ હરિભક્તોએ મહાપ્રસાદરૂપી ભોજન ગ્રહણ કર્યું હતું.

## હિન્દુ સમર્પણ ટેમ્પલ - ફિલાડેલફીયામાં યોજવામાં આવેલ સત્સંગ સભા

તા. ૧-૭-૦૬ના રોજ પેન્સીલ્વેલીયા રાજ્યના ફિલાડેલફીયા શહેરમાં પ.ભ. ઘનશ્યામભાઈ દવે તથા પ.ભ. શ્રી પ્રકાશભાઈ ઋષિના આયોજન મુજબ હિન્દુ ટેમ્પલમાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીએ સત્સંગ-કથા-વાર્તાનો લાભ આપી સહુ હરિભક્તોને પરમાત્મામાં ચરિત્રોમાં રસતળબોળ કર્યા હતા.

## સ્કેન્ટન(પેન્સીલ્વેલીયા)માં યોજાયેલ સત્સંગ સભા

તા. ૨-૭-૦૬ના રોજ પેન્સીલ્વેલીયા રાજ્યના સ્કેન્ટન શહેરમાં પ.ભ. બકેન્દ્રભાઈ પટેલના નિવાસસ્થાને ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીએ કથા-વાર્તાનો લાભ આપી ભક્તજનોને આનંદિત કર્યા હતા. અંતે સહુ હરિભક્તોએ મહાપ્રસાદરૂપી ભોજન ગ્રહણ કર્યું હતું.

## ઈસલીન (ન્યુજર્સી)માં યોજાયેલ સત્સંગ સભા

તા. ૪-૭-૦૬ના રોજ ન્યુજર્સી રાજ્યના ઈસલીન શહેરમાં પ.ભ. શ્રી રાકેશભાઈ કાંતિભાઈ પટેલ (ખાંધલી)ના નિવાસસ્થાને ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીએ કથા-વાર્તાનો લાભ આપી ભક્તજનોને આનંદિત કર્યા હતા. અંતે સહુ હરિભક્તો મહાપ્રસાદ લઈને છૂટા પડ્યા હતા.

## સત્સંગ સભા તથા ગુરુપૂર્ણિમા મહોત્સવ - ન્યુયોર્ક

તા. ૮-૭-૦૬ના રોજ ન્યુયોર્ક ખાતે શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા ભવ્ય સત્સંગ સભા તથા ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્સંગ સભામાં સરધાર નિવાસી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી આદિક સંતો પધારી ભજન-કિર્તન-કથાવાર્તાનો લાભ આપી સર્વે ભકજજનોને ગુરુપૂર્ણિમા દિવસનું માહાત્મ્ય તેમજ સંપ્રદાયના ગુરુસ્થાને બિરાજમાન એવા પ.પૂ આચાર્ય મહારાજશ્રીનો મહિમા સમજાવી આનંદિત કર્યા હતા. અંતે આજના દિવસે પ.પૂ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની ચિત્ર-પ્રતિમાનું પૂ. સંતો અને દરેક હરિભક્તો દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું.

# ન્યુજર્સી (અમેરિકા)માં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથા-પારાયણ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વદ સહ અને તેમના દ્વારા સ્થાપિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ-ન્યુજર્સી,ન્યુયોર્ક આયોજીત સંપ્રદાય સદ્. શતાનંદ સ્વામી રચિત મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનનું સરધારનિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે તા. ૯-૭-૦૬ થી તા. ૧૫-૭-૦૬ સુધી ન્યુજર્સીને આંગણે પ.ભ. શ્રી મનિષભાઈ રામભાઈ પટેલ પરિવારના યજમાનપદે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તા. ૧૦-૭-૦૬ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સંગીતના સુરો સાથે પૂ. વક્તાશ્રીએ કથા અંતર્ગત અને ભગવાન શ્રીહરિના જન્મના ૨૨૫મો પ્રાગટ્યોત્સવ અતિ ભવ્યતાપૂર્વક વર્ણન કરીને ઉજવ્યો ત્યારે સર્વત્ર આનંદ-આનંદ છાઈ રહ્યો અને પછી છપૈયામાં ઉડે રે ગુલાલ અને ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી ના નારા સાથે સારાયે સભાખંડમાં જાણે આજે આખું બ્રહ્માંડ નાચતું કુદતું હોય એવું દિવ્ય વાતાવરણ ખડું કર્યું. તે જ સમયે હિંડોળે ઝુલતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામે સહુના ચિત્ત ખેંચી લીધા. પછી તો દાંડિયારાસ, ગવૈયાઓ આદિક સહુ નાચવા-કુદવા લાગ્યા. આ પ્રમાણે ઘનશ્યામના પ્રાગટ્યના જન્મોત્સવે સારાય વાતાવરણને રંગભીનું કરી દીધું.

તા. ૧૧-૭-૦૬ના રોજ ગુરુપૂર્ણિમા હોવાથી ગુરુઋણમાંથી કંઈક અંશભાવે મુક્ત પામવા માટે પૂ. સંતો તથા હરિભક્તો દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની ચિત્ર-પ્રતિમાનું પૂજન તેમજ આરતી ઉતારવામાં આવી હતી. અંતે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ફોનના માધ્યમથી સભાજનોને આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૧૨-૭-૦૬ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે પારાયણ અંતર્ગત પૂ. વક્તાશ્રીએ ભગવાન શ્રીહરિનો જેતપુરમાં ગાદિ પટ્ટાભિષેક મહોત્સવ ભાવપૂર્વક ઉજવ્યો હતો. અંતે પૂ. સંતો અને યજમાનો દ્વારા ઠાકોરજીનો પંચામૃત જળેથી અભિષેક કરવામાં આવ્યો હતો.

તા. ૧૪-૭-૦૬ના રોજ કથા-પારાયણ અંતર્ગત ગઢપુરમાં શ્રીજી મહારાજે ગઢપુરમાં ઉજવેલ ભવ્ય અન્નકુટ લીલાનું પૂ. વક્તાશ્રીએ અતિ સુમધુર શૈલીમાં વર્ણન કરી તે ઉત્સવને તાદશ્ય ચિત્ર ખડું કર્યું હતું. તે અન્નકુટોત્સવની આરતી યજમાનો દ્વારા ઉતારવામાં આવી હતી.

તા. ૧૫-૭-૦૬ના રોજ સાંજે ૭.૦૦ કલાકે પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે ન્યુજર્સી રાજ્યના સમરસેટ શહેરના માન. મેયરશ્રી પધારી પ્રસંગની શોભાવૃદ્ધિ કરી હતી. અંતમાં કથા-પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારી કથાની સમાપ્તિ કરવામાં આવી હતી. આ કથા-પારાયણનો લાભ ન્યુજર્સી, ન્યુયોર્ક, કેનેડા, વરજીનીયા, શિકાગો, ડેલાવર, પેન્સીલ્વેલીયા વગેરે વિસ્તારોના ભક્તોએ લાભ લઈને જીવનને ધન્યભાગી બનાવ્યા હતા.







# આગામી આવતા વ્રતો તથા ઉત્સવ-સમૈયાનો નિર્ણય

**સંવત ૨૦૬૨, વ્યયનામસંવત્સર, શાકે-૧૯૨૮,**
**શ્રી સ્વા.ના શક. ૨૨૫. અષાઢ વદ સને ૨૦૦૬ જૂલાઈ-ઓગષ્ટ**

| તિથિ | વાર | તા. | | | વિગત |
|---|---|---|---|---|---|
| ૧૧ | શુક્ર | ૨૧ | રોહિણી | વૃષભ | કામિકા એકાદશી ઉપવાસ. સ.ગુ. મુક્તાનંદજી સ્વામીનો અ.વા. સં. ૧૮૮૭ ગઢપુર, |
| ૧ | બુધ | ૨૬ | આશ્લેષા | કર્ક | આ. શ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રીનો જન્મસં. ૧૯૬૨ વડતાલ. |
| ૪ | શનિ | ૨૯ | પૂ. ફા. | સિંહ | વિનાયકી ચોથ, દુર્વાગણપતિ પૂજન. શ્રી વરાહ જયંતી મધ્યાહ્ન પૂજન. |
| ૭ | મંગળ | ૧ | ચિત્રા | કન્યા | **ઓગષ્ટ.** શીતળા સાતમ (દ.ગુ.) |
| ૮ | બુધ | ૨ | સ્વાતિ | તુલા | દુર્ગાષ્ટમી, પાંડે શ્રી રામપ્રતાપજી મહારાજનો જન્મસં. ૧૮૧૮ |
| ૯ | ગુરુ | ૩ | વિશાખા | તુલા | શ્રી સ્વામિનારાયણ જયંતી ઉપવાસ. |
| ૧૦ | શુક્ર | ૪ | અનુરાધા | વૃશ્ચિક | શ્રીનીલકંઠવર્ણી ગીરનાર પર્વત ઉપર પધાર્યા હતા. સં. ૧૮૫૬. |
| ૧૧ | શનિ | ૫ | જયેષ્ઠા | વૃશ્ચિક | પવિત્રા એકાદશી ઉપવાસ. શ્રીહરિને પવિત્રા ધરાવવાં. |
| ૧૫ | બુધ | ૯ | શ્રવણ | મકર | મુકુટોત્સવ પુનમ, રક્ષાબંધન, નાળિયેરી પુનમ, બળેવ, શુક્લ-કૃષ્ણ, યજુઃવેદી, અર્થવવેદી, તૈતરીય શ્રાવણી. બપોરે ૧ પછી ઉપકર્મ (શ્રાવણી જનોઈ બદલવી.) |
| ૧ | ગુરુ | ૧૦ | ધનિષ્ઠા | કુંભ | પંચક. આ.શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજશ્રીનો જન્મસં. ૧૯૩૧. |
| ૨ | શુક્ર | ૧૧ | શતભિષા. | કુંભ | શ્રીહરિ-બાલમુકુંદજીને હિંડોળેથી ઉતારવા. |
| ૬ | સોમ | ૧૪ | અશ્વિની | મેષ | રાંધણ છઠ, કપીલા છઠ. આજે શ્રી નીલકંઠવર્ણી લોજપુર પધાર્યા. સ.ગુ. મુક્તાનંદજી સ્વામીનો મેળાપ થયો. સં. ૧૮૫૬. |
| ૭ | મંગળ | ૧૫ | ભરણી | મેષ | શીતળા સાતમ, ભારત સ્વાતંત્ર્ય દિન, વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિશ્વર. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજનો જન્મોત્સવ, સં. ૨૦૦૫. વડતાલ. |
| ૮ | બુધ | ૧૬ | કૃત્તિકા | મેષ | શ્રીકૃષ્ણ જન્મોત્સવ, જન્માષ્ટમી વ્રત ઉપવાસ રાત્રે ૧૨, ઉત્સવ-આરતી, વડતાલ-મૂળી-ગઢપુર સમૈયો. સ.ગુ. શ્રી રામાનંદજી સ્વામીનો જન્મ. સં. ૧૭૯૫. , શ્રીહરિ બાલમુકુંદજીને પારણે ઝુલાવવા, |
| ૧૦ | શુક્ર | ૧૮ | મૃગશીર્ષ | વૃષભ | આ.શ્રી. ભગવતપ્રસાદજી મહારાજશ્રીનો અ.વા.સં. ૧૯૩૫. સ.ગુ. દેવાનંદ સ્વામીનો અ.વા. સં. ૧૯૧૦. |
| ૧૧ | શનિ | ૧૯ | આર્દ્રા | મિથુન | અજા એકાદશી ઉપવાસ. |
| ૧૩ | સોમ | ૨૧ | પુનર્વસુ | કર્ક | શ્રીહરિ બાલમુકુંદજીને પારણેથી ઉતારવાં |



શ્રી રામપ્રતાપજી મહારાજનો જન્મસં. ૧૮૧૮



રક્ષાબંધન, નાળિયેરી પુનમ,



નીલકંઠવર્ણીનું લોજમાં આગમન



શ્રીકૃષ્ણ જન્મોત્સવ,




સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીનો જન્મ. સં. ૧૭૯૫.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## ચાલો...ગઢપુર... પધારો... ગઢપુર...

### આવ્યો ઉત્સવ આજ આપણે આંગણીએ

# જાહેર નિમંત્રણ







શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય શ્રી લક્ષ્મીનારાયણ સંત્સગ સમાજ
દ્વારા આયોજીત શ્રી ગઢપુર પતિ શ્રી ગોપીનાથજીના સાંનિધ્યમા
સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ
વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ ગાદીના પીઠાધિપતિ
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના
આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે
અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ઈષ્ટદેવ ભગવાન
શ્રી સ્વામિનારાયણનો ભવ્ય

અધ્યક્ષ






ઉપાધ્યક્ષ




# રજત-દ્વિશતાબ્દી પ્રાગટ્ય મહોત્સવ તથા
# શ્રી વાસુદેવનારાયણ પ્રાણ પ્રતિષ્ઠા દ્વિશતાબ્દી મહોત્સવ

**:: મહોત્સવના ઉપલક્ષમાં યોજવામાં આવેલ વિવિધ કાર્યક્રમો ::**

- ✧ ૧૦૮ કુંડી શ્રીહરિયાગ યજ્ઞ
- ✧ શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ
- ✧ સનાતન ધર્માચાર્ય સંમેલન
- ✧ સર્વધર્મ સમભાવ વ્યાખ્યાનમાળા તથા સંત સંમેલન
- ✧ મૂર્ધન્ય વિદ્વાનોની વિદ્વત પરિષદ સંમેલન
- ✧ દેવોનો અભિષેક, અન્નકુટોત્સવ, રંગોત્સવ, રાસોત્સવ, શાકોત્સવ
- ✧ બાળ-યુવા સંમેલન, રાત્રિ સાંસ્કૃતિક કાર્યક્રમો
- ✧ આરોગ્ય ચિકિત્સા નિદાનના વિવિધ કેમ્પો
- ✧ તેમજ અન્ય વિવિધ કાર્યક્રમો યોજાશે...

**:: પ્રારંભ ::**
તા. ૨૪ -૧૦-૦૬
કારતક સુદ -૨
(ભાઈબીજ)

**:: પૂર્ણાહુતિ ::**
તા. ૩૦ -૧૦-૦૬
કારતક સુદ -૮
(આઠમ)

**:: આયોજક ::**
શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ ગાદીના આશ્રિત
વડતાલ, ગઢડા, જૂનાગઢ, ધોલેરા દેશના
ત્યાગી-ગૃહી સમસ્ત સત્સંગ સમાજ

**:: મહોત્સવ સ્થળ ::**
'શ્રી લક્ષ્મીવાડી'
ગઢડા (સ્વામિનારાયણ), જી. ભાવનગર
ફો. નં. ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦, ૯૦૦, ૭૦૦

**સહકાર : ગઢડા મેનેજીંગ ટ્રસ્ટી મંડળ**

**ચાલો શ્રીહરિ પ્રાગટ્ય ભૂમિછપૈયામાં... ચાલો પવિત્ર યાત્રાધામ જગન્નાથપુરીમાં...**

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના
રૂડા આશીર્વાદ સહ તેમજ નૂતન શિખરબધ્ધ
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના લાભાર્થે
ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાલ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ,
મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં પવિત્ર યાત્રાધામની યાત્રા એટલે તૃતીય




# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ યાત્રા ટ્રેન

| -: પ્રારંભ :- | -: પૂર્ણાહુતી :- |
|---|---|
| તા. ૧૯-૮-૦૬ | તા. ૨-૯-૦૬ |
| શ્રાવણ વદ - ૧૧ | ભાદરવા સુદ - ૯ |

**ટીકીટ દર : રૂા. ૧૦,૦૦૦/- કુલ દિવસ - ૧૫**

**:: દર્શનીય તીર્થસ્થળો ::**

**અલ્હાબાદ, કાશી/બનારસ, અયોધ્યા, છપૈયા, ગયાજી, ગંગાસાગર, કપિલાશ્રમ, જગન્નાથપુરી, ભૂવનેશ્વર, કોનાર્ક, ચંદ્રભાગા બીચ**


ત્રિવેણી સંગમ અલ્હાબાદ


ઘાટ દર્શન-કાશી


સરયુ નદી સ્નાન અયોધ્યા

**:: વિશેષ અનુભૂતિ ::**

**જન્મભૂમિછપૈયામાં શ્રી ઘનશ્યામમહારાજનો અભિષેક**
**તથા અન્નકુટના દર્શન**
**તેમજ ચાર દિવસીય સત્સંગ શિબિર...**


શ્રી સ્વા. મંદિર - કાશી


શ્રી સ્વા. મંદિર - છપૈયા


અભિષેક દર્શન - છપૈયા

**:: વધુ માહિતી માટે ::**

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**સરધાર**
**ફો.નં. (૦૨૮૧) ૨૭૮૧૨૧૧**
**મો. ૯૮૭૯૭ ૫૮૫૦૩/૧૦**


રામાનંદસ્વામી જન્મસ્થાન - અયોધ્યા


જન્મસ્થાન - છપૈયા


અન્નકુટ દર્શન - છપૈયા


ઈન્દ્રધુમ્ન સરોવર


હનુમાન ગઢી - અયોધ્યા


નારાયણ સરોવર - છપૈયા


જગન્નાથપુરી દર્શન


ભૂવનેશ્વર દર્શન

**Shree Swaminarayan Chintan, July.2006 Reg. No. GRJ - 517/05 Reg. No. RNI No. GUJGUJ10785/06/1/03 - TC**

**11.The Format Of imprinline is reproduced as your imprint line does not contain complete details of....... (a) Printed By P.V. Dixit, Published by Viraktaswarup Swami on behalf of (or owned by) Shree Swaminarayan Mandir-Sardhar and printed at Sahjanand Press, 80 feet Road, Rajkot. (name of printing press with full address) and published from Sardhar (place of publication with full address). Editor Divyaswarup Swami. (only Editor word is accepted as per PRB Act in the imprint line.)**




## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ રૂપ આજ્ઞા સહ રઘુવીર વાડી-વડતાલ ખાતે યોજાયેલ ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૦૬

૧. પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના નિવાસસ્થાને નિત્ય પૂજવામાં આવતા વડોદરાના વિદ્વાનોને સાથે શાસ્ત્રાર્થ સમયે શ્રીજી મહારાજે સદ્. મુક્તાનંદ સ્વામીને આપલે તથા દિવના પ્રેમબાઈને આપેલ ઠાકોરજીના બંને સ્વરૂપોના દિવ્ય દર્શન. ૨/૩. ગુરુપૂજનની આરતી ઉતારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા લાલજી મહારાજશ્રી. ૪. ગુરુપૂજનમાં પધારેલ વિશાળ ભક્તસમુદાય પર આશીર્વાદ અમૃતવર્ષા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. વીડીયો સી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગુણોની પ્રશસ્તિની-કૃતિ અર્પણ કરતા સરધાર મંદિરના પૂ. કોઠારી સ્વામી. ૭/૮. ગુરુપૂર્ણિમાને દિવસે ગુરુપૂજનમાં પધારેલ ૪૦ હજારથી વધારે ભક્તસમુદાયની અનુભૂતિ આ પાર્કિંગ વિભાગ નજરે પડતા જ જણાય આવે છે.

છબીકલા : શ્રીહરિ ડીજીટલ ફોટોગ્રાફી - સુરત. મો. ૯૯૨૫૦ ૩૦૨૫૦

Shreeji Art (079) 32928299, 9879606686


1


2


3


4


5


6


7


8

## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના દ્વારા સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ - ન્યુજર્સી,ન્યુયોર્ક આયોજીત ન્યુજર્સીને આંગણે યોજાયેલ ભવ્ય શ્રીમદ્ સત્સંગિજીવન જ્ઞાનયજ્ઞ

૧. પોથીયાત્રામાં જોડાયેલ પૂ. સંતો તથા હરિભક્તો. ૨. કથા-પારાયણ અંતર્ગત બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ ઉજવતા બાળકો. ૩. ગુરુપૂર્ણિમાએ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરતા પૂ. સ્વામીશ્રી. ૪. પારાયણ અંતર્ગત ગાદી-પટ્ટાભિષેક મહોત્સવમાં ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સંતો તથા યજમાન પરિવાર. ૫. કથા-પારાયણ અંતર્ગત ઠાકોરજી આગળ પુરવામાં આવેલ અન્નકુટ દર્શન ૬. પારાયણમાં પધારેલ ન્યુજર્સી રાજ્યના પીસ્કાટવે શહેરના મેયર મા. શ્રી બ્રાયન વેલરનું સન્માન કરતા પૂ. વક્તાશ્રી. ૭/૮. કથા-પારાયણનો લાભ લેતા વિશાળ હરિભક્ત સમુદાય.


1


2


3


4


5


6


7


8

## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ રુપ આજ્ઞા સહ અમેરિકાના યાત્રાપ્રવાસે ગયેલ પૂ, સંતોની સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા તસ્વીર દર્શન

૧. સેન્ટલુઈસ શહેરમાં યોજાયેલ સત્સંગ સભામાં કથા-વાર્તાનો આપતાં પૂ. સ્વામીશ્રી. ૨. એટલાન્ટામાં લક્ષ્મીવાડી ખાતે યોજાયેલ સત્સંગ સભામાં કથાશ્રવણનો લાભ લેતા હરિભક્તો. ૩. હોલીડેસ્બર્ગ (પેન્સીલ્વેલીયા)માં ડો. કિશોરભાઈ (ક્રાંકચ)ના નિવાસસ્થાને યોજવામાં આવેલ સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતાં પૂ. સંતો તથા કથાશ્રવણ કરતા હરિભક્તો. ૪. બાથલેમ (પેન્સીલ્વેલીયા)માં પ.ભ. શ્રી મહેશભાઈ (ખાંધલી)ના નિવાસ્થાને યોજાયેલ સત્સંગ સભામાં આરતી ઉતારતા પૂ. સ્વામીશ્રી. ૫. ફિલાડેલફીયા (પેન્સીલ્વેલીયા) શહેરના હિન્દુ સમર્પણ મંદિરમાં યોજાયેલ સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતાં પૂ. સ્વામીશ્રી તથા કથાશ્રવણ કરતા હરિભક્તો. ૬. સ્કેન્ટન (પેન્સીલ્વેલીયા)માં પ.ભ. શ્રી બકેન્દ્રભાઈ પટેલના નિવાસસ્થાને યોજાયેલ સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામીશ્રી. ૭. શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના મંડળ - ન્યુયોર્ક દ્વારા ન્યયોર્કને આંગણે યોજાયલે સત્સંગ સભા-ગુરુપૂર્ણિમા મહોત્સવમાં પ.પૂ. મહારાજશ્રીની ચિત્ર-પતિમાનું પૂજન કરતા પૂ. સ્વામીશ્રી. ૮. ન્યુયોર્કમાં યોજાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવમાં ગુરુપૂજનની આરતી ઉતારતા હરિભક્તો.